તસ્મૈ શ્રીગુરવે નમઃ

લેખિકા (હિન્દીમાં)

પૂ.અ.સૌ.શ્રીવ્રજલતાવહૂજી–વડોદરા.

અનુવાદ -

પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી

—: પ્રકાશક :—

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ– વડોદરા.

નવા પ્રકાશન માટે તૈયાર પુસ્તકો

અમારા ટ્રસ્ટ પાસે હાલ પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે કે જેના પ્રકાશન ખર્ચની રકમની વ્યવસ્થા બેસતાં પ્રકાશન માટે મોકલી અપાશે. પુસ્તકોના પ્રકાશનનો અંદાજી ખર્ચ નીચે જણાવેલ વિગતે છે. આમાં જે પણ વૈષ્ણવો ઉદારતાથી દ્રવ્યસહાય કરવા માંગતા હોય તે કરી શકે છે. આમાં કોઈએક પુસ્તકનો ખર્ચ કોઈએક વ્યક્તિ પણ ઉઠાવી શકે છે અને જો એકથી પહોંચાતું ન હોય તો બીજા બે કે ત્રણ વ્યક્તિઓ મળીને પણ ઉઠાવી શકે છે. પ્રકાશન માટે જે પુસ્તકો તૈયાર છે તેના ખર્ચની અંદાજી રકમ સહ વિગત :-

પુસ્તકનું નામ	લેખક	ભાષા	અંદાજી ખર્ચ
(૧) જલભેદ દર્શન-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૩૦,૦૦૦
(૨) સિદ્ધાન્ત રહસ્ય દર્શન ભાગ-૧ (પૂર્વપીઠિકા)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૪૫,૦૦૦
(૩) શ્રીમદ્ભગવદ્ગીતા ભક્તિયોગ (બારમો અ.)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૨૦,૦૦૦
(૪) બ્રહ્મસમ્બન્ધ અથવા આત્મનિવેદન	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૨,૦૦૦
(૫) શ્રીવલ્લભ વચનામૃત સંગ્રહ	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૫,૦૦૦
(૬) બ્રહ્મસમ્બન્ધ (બ્રહ્મસમ્બન્ધ અંગેના પ્રશ્નો અને તેના ઉત્તરો)	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૮,૦૦૦
(૭) શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ કૃત-‘ન્યાસાદેશ’વિવરણ	અનુવાદ- ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૧૦,૦૦૦
(૮) શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઇજી-શ્રીવિઠ્ઠેશ્વરજી	ગો.શ્રીચંદ્રગોપાલજી	ગુજરાતી	૦૮,૦૦૦

પુષ્ટિમાર્ગીય વિષયો પર પૂ.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના થતા પ્રવચનો તથા શિબિર વિષયોની તૈયાર સી.ડી.(એમ.પી.૩) ની યાદી

વિષય	સ્થળ	સી.ડી.નં.	ન્યોછાવર
૧) સર્વનિર્ણય ફલપ્રકરણ-૧	ગોવર્ધન શિબિર	૩	૬૦
૨) સર્વનિર્ણય ફલપ્રકરણ-૨+પ્રોટોકોલ	તિથલ શિબિર	૩+૧	૮૦
૩) સર્વનિર્ણય ફલપ્રકરણ-૩+પ્રોટોકોલ	લોનાવાલા શિબિર	૩+૧	૮૦
૪) સર્વનિર્ણય ફલપ્રકરણ ૪	તિરૂપતિ શિબિર	૩	૬૦
૫) સર્વનિર્ણય ફલપ્રકરણ ૫	જયપુર શિબિર	૨	૪૦
૬) સર્વનિર્ણય ફલપ્રકરણ ૬	દેવલાલી શિબિર	૧	૨૦
૭) સર્વનિર્ણય ફલપ્રકરણ ૭	જગન્નાથપુરી શિ.	૨	૪૦
૮) ન્યાસાદેશ ભાગ-૧	રાજકોટ શિબિર	૩	૬૦
૯) ન્યાસાદેશ ભાગ-૨	સિહોર શિબિર	૨	૪૦
૧૦) ન્યાસાદેશ ભાગ-૩-૪	આણંદ શિબિર	૩	૬૦
૧૧) ન્યાસાદેશ ભાગ-૫	ભાવનગર શિબિર	૨	૪૦
૧૨) એકાદશ સ્કન્ધ ભાગ-૧ થી ૭	વડોદરા શિબિર	૧૩	૨૬૦
૧૩) ભક્તિવર્ધિની ભાગ-૧	જતિપુરા શિબિર	૧	૨૦
૧૪) ભક્તિવર્ધિની ભાગ-૨	વજ્રેશ્વરી શિબિર	૨	૪૦
૧૫) ભક્તિવર્ધિની ભાગ-૩	વડોદરા શિબિર	૨	૪૦
૧૬) ભક્તિવર્ધિની ભાગ-૪	જેસલમેર શિબિર	૨	૪૦
૧૭) ભક્તિવર્ધિની ભાગ-૫	રામેશ્વર શિબિર	૧	૨૦
૧૮) વિરહ ચતુઃશ્લોકી	વડોદરા પ્રવચન	૨	૪૦
૧૯) સિદ્ધાન્તમુક્તાવલી	સુરત-શિબિર	૧	૨૦
૨૦) યમુનાષ્ટક ૧-૨-૩-૪	મુંબઇ પ્રવચન	૯	૧૮૦
૨૧) વિવેકધૈર્યાશ્રય	મુંબઇ પ્રવચન	૮	૧૬૦
૨૨) ભક્તિવર્દ્ધિની	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૩) નિરોધલક્ષણ	વડોદરા ક્લાસ	૨	૪૦
૨૪) રાસપંચાધ્યાયી	મુંબઇ પ્રવચન	૩	૬૦
૨૫) ગોપીગીત	મુંબઇ પ્રવચન	૨	૪૦

(અનુસંધાન કવરપેજ ૩ ઉપર)

(અનુસંધાન કવરપેજ ૨ નું ચાલુ)

૨૬) દાનલીલા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૭) યુગલગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૮) ભ્રમરગીત	મુંબઇ પ્રવચન	૧	૨૦
૨૯) સિદ્ધાન્ત રહસ્ય	મુંબઇ પ્રવચન	૨	૪૦
૩૦) નિરોધલક્ષણ	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૩૧) ભક્તિયોગ	કલકત્તા પ્રવચન	૧	૨૦
૩૨) કીર્તન-ભાવાર્થ શિબિર -૧- ૨-૩	અમદાવાદ શિબિર	૬	૧૨૦
૩૩) સાધના સોપાન,સર્વોત્તમ સ્તોત્ર	ચમ્પારણ્ય શિબિર	૫	૧૦૦
૩૪) સેવાફલ	વડોદરા ક્લાસ	૫	૧૦૦
૩૫) સિદ્ધાન્ત રહસ્ય	કલકત્તા શિબિર	૨	૪૦
૩૬) ગીતા-૧૭, જલભેદ, પુષ્ટિવિવેક	બાળ-શિબિર-૩	૨	૪૦
૩૭) ગીતા-૧૬, સંન્યાસનિર્ણય,	બાળ-શિબિર-૪	૧	૨૦
૩૮) પુષ્ટિપ્રવાહમર્યાદા	મુંબઇ પ્રવચન	૧	૨૦
૩૯) ભક્તિહંસ	બેંગલોર શિબિર	૩	૬૦
૪૦) સંન્યાસનિર્ણય	અમદાવાદ પ્રવચન	૧	૨૦
૪૧) ષોડશગ્રન્થ-ઉચ્ચારણશુદ્ધિ સાથે	વિંશતિ ગ્રન્થાઃ	૧	૨૦
૪૨) શ્રીમદ્ભગવદ્ગીતા	એમ.એસ.યુ.-વડો.	૧	૨૦
૪૩) વેણુગીત	બેંગ્લોર ક્લાસ	૧	૨૦
૪૪) ભક્તિહંસ -૧-૨-૩-૪-૫	વડોદરા શિબિર	૬	૧૨૦
૪૫) વેણુગીત	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૬) ગીતા-૧૪,શિક્ષાઃશ્લોકા,અણુભાષ્ય	બાળ-શિબિર-૫	૧	૨૦
૪૭) ચતુઃશ્લોકી	વડોદરા ક્લાસ	૪	૨૦
૪૮) પુષ્ટિમાર્ગ લક્ષણાનિ	વડોદરા પ્રવચન	૧	૨૦
૪૯) અષ્ટાંગયોગ અને સેવાયોગ	વડોદરા શિબિર	૧	૨૦
૫૦) પ્રોટોકોલ્સ, અષ્ટાંગયોગ, અવધૂતાખ્યાન	બાળ-શિબિર-૬	૧	૨૦
૫૧) અંતઃકરણપ્રબોધ	વડોદરા ક્લાસ	૨	૪૦
૫૨) ભક્તિવર્દ્ધિની	જૂનાગઢ શિબિર	૨	૪૦
૫૩) વેણુગીત-૨	રાજકોટ ક્લાસ	૧	૨૦

તસ્મૈ શ્રીગુરવે નમઃ

લેખિકા (હિન્દીમાં)

પૂ.અ.સૌ.શ્રીવ્રજલતાવહૂજી-વડોદરા.

અનુવાદ -

પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી

આ પ્રકાશનમાં દ્રવ્યસહયોગકર્તા -

સુબોધભાઈ દ્વારકાદાસ ગાંધી તથા સૌ.સુવર્ણાબેન સુબોધભાઈ ગાંધી
તથા પરિવાર-ઊંઝા (ફોન નં.૦૨૭૬૭-૨૪૮૩૩૫, ૨૫૯૦૨૫)ના
સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રકાશક
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
''શ્રીરાધાકૃષ્ણકુંજ'' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : **shreevallabhvitthal@gmail.com**

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
(૧)ચુનીભાઈ શાહ, (૨)કૃષ્ણકાન્તભાઈ શાહ, (૩) વિનોદભાઈ શાહ
''શ્રીરાધાકૃષ્ણકુંજ'' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૮, ચૈત્ર સુદ, ઈ.સ. માર્ચ-૨૦૧૨

પ્રત - ૧૦૦૦

ન્યોછાવર - ૧૦ /- (પોસ્ટેજ અલગથી)

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

પૂ.અ.સૌ.શ્રીવ્રજલતા વહુજી

એક-પરિચય

પૂ.અ.સૌ. શ્રીવ્રજલતા વહૂજી પ.પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી (વડોદરા)ના વહૂજી (ધર્મપત્ની) છે. બી.એસ.સીના અન્તિમ વર્ષમાં, આધુનિક વિજ્ઞાન કરતાં આધ્યાત્મિક વિજ્ઞાન પ્રત્યે વિશેષ રુચિ હોઈ મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય-વડોદરાથી વેદાન્ત શાસ્ત્રમાં એમ.એ.ની ડીગ્રી પ્રાપ્ત કરી. એમ.એ. માં શાંકરવેદાન્તમાં સુવર્ણપદક તથા વલ્લભવેદાંતમાં ટોડરમલ પ્રાઈઝ બંને પ્રાપ્ત કર્યા. આ ઉપરાંત પાંચ વર્ષ સુધી દિવંગત પ્રો.ડો.અરુણોદય જાનીના માર્ગદર્શનમાં શ્રીવલ્લભાચાર્યજીના દર્શન અનુસાર **‘તૈત્તિરીય ઉપનિષદ્-એક અધ્યયન’** વિષય પર ઘણું બધું સંશોધન કાર્ય કર્યું તેમજ અધ્યયનનો સારસંક્ષેપ (**Synopsis**) પણ સ્વીકૃતિ માટે મોકલી આપ્યો, પણ અસ્વાસ્થ્ય તથા ઈતર અનિવાર્ય સંયોગોવશ મહાનિબન્ધ (**Thesis**) સ્વીકૃત કરાવી શકાયો નથી. પી.એચ.ડી.ના સમય દરમિયાન ઉત્તમ સંશોધન કાર્યના કારણે યુનિવર્સિટિ તથા યુ.જી.સી. બંનેની છાત્રવૃત્તિ આપશ્રીને પ્રદાન કરવામાં આવી હતી.

અધ્યયન ઉપરાંત અન્યક્ષેત્રમાં પણ તેઓશ્રીની વિવિધ પ્રકારની પ્રતિભા જોઈ શકાય છે. જેમ કે વક્તૃત્વકલામાં શારદાપીઠ - દ્વારિકા તરફથી સુવર્ણપદક મેળવવું, બનિયન સિટિ જેસિસ દ્વારા ઈ.સ.૧૯૮૫ ના વર્ષમાં વડોદરાના ૧૦ પ્રતિભાશાલી વ્યક્તિઓ પૈકી ધાર્મિક ક્ષેત્રનો એવોર્ડ આપશ્રીને અર્પણ કરાયો હતો, છેલ્લા ૩૫ વર્ષથી સામાજિક-ધાર્મિક પ્રવૃત્તિઓમાં તથા તે અંગેના વ્યાખ્યાનોમાં આપશ્રી સતત વ્યસ્ત રહે છે. તથા વડોદરા, અમદાવાદ, રાજકોટ, સિહોર, મહુવા, ભાવનગર, જુનાગઢ, જયપુર, હૈદ્રાબાદ, બેંગ્લોર, જબલપુર, મુંબઈ, કલકત્તા, દિલ્હી, ચેન્નઈ વગેરે શહેરોમાં આપશ્રીના વ્યાખ્યાનો યોજાઈ ચૂક્યા છે. ઉપરાન્ત પૂ.ગો.શ્રીનિકુંજલતાબેટીજીની સાથે રહીને વિદેશ પ્રવાસોમાં ઈષ્ટઆફ્રિકા, દુબઈ, બહેરીન, યુ.કે, કેનેડા, વેનકુંવર, સિંગાપુર, હોંગકોંગ,વગેરે દેશોના પ્રવાસમાં આપશ્રીએ આપેલા વકતવ્યો ત્યાંના-ત્યાંના જનસમુદાયમાં ખૂબ જ સરાહનીય રહ્યા હતા. વર્તમાનમાં પણ બધી જ પ્રવૃત્તિઓ યથાવત્ ગતિશીલ છે.

ઈ.સ. ૨૦૦૪ માં ભારતની બહાર ઈસ્ટ આફ્રિકાના પ્રવાસ દરમિયાન નૈરોબી, કિસુમુ, નકુરુ, મોમ્બાસા વગેરે શહેરોમાં વિભિન્ન સંસ્થાઓમાં વ્યાખ્યાનો યોજાયા હતા જે લોકોમાં ખૂબ જ રસપ્રદ અને પ્રશંસાને પાત્ર રહ્યા હતા.

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ -સંચાલિત અંગ્રેજી માસિક ‘શ્રીવલ્લભાચાર્ય’ નું લગાતાર આઠ વર્ષ સંપાદન કાર્ય સફળ રીતે સંભાળ્યું હતું. આપશ્રીના સુમધુર કંઠે ગવાયેલ ઓડિયો સીડી **‘વહી રસના જો હરિગુન ગાયે’** જે વડોદરાના મહારાજા શ્રીરણજિતસિંહજી ગાયકવાડ સાથે ગાયેલી છે તથા બીજી શ્રીમદ્ ભાગવત દશમ સ્કન્ધ ગોપીગીત વગેરે ચાર ગીતોની સીડી **‘શ્રીકૃષ્ણ પ્રેમ દિવાની ગોપિયોં કે વિરહ ગીત’** આ બંને દેશ-વિદેશમાં સર્વત્ર ખૂબ જ લોકપ્રિય રૂપે પ્રસિદ્ધિને પામી છે. તેવી જ રીતે આપશ્રી દ્વારા હિન્દી-અંગ્રેજી-ગુજરાતી ભાષામાં લખાયેલ દસ પુસ્તકો પ્રકાશિત થઈ ચુક્યા છે તથા માસિકો - સ્મરણિકાઓ વગેરેમાં અનેક લેખો પ્રકાશિત થઈ ચુક્યા છે.

પૂ.અ.સૌ. શ્રીવ્રજલતા વહુજી દ્વારા લખાયેલ અને પ્રકાશિત પુસ્તકો

(૧)	જીવનનો સર્વશ્રેષ્ઠ પ્રકાર	ગુજરાતી	૦૫-૦૦
(૨)	જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી-ચરિત્ર, ઉપદેશસાર અને ગ્રન્થો	ગુજરાતી	૧૦-૦૦
(૩)	વિવેકધૈર્યાશ્રયના અન્તર્ગત ‘ધૈર્ય’	ગુજરાતી	૦૫-૦૦
(૪)	તસ્મૈ શ્રીગુરવે નમઃ	ગુજરાતી	૧૦-૦૦
(૫)	**जीवन का सर्वश्रेष्ठ प्रकार**	હિન્દી	૦૭-૦૦
(૬)	**तस्मै श्रीगुरवे नमः**	હિન્દી	૦૫-૦૦
(૭)	**श्रीमद् जगद्गुरु श्रीवल्लभाचार्यजीकी दृष्टिमें दशमस्कन्ध विचार**	હિન્દી	નિઃશુલ્ક
(૮)	**The Way of the Excellent life**	અંગ્રેજી	૦૭-૦૦
(૯)	**The Individual Soul In The Taittiriya Upanishad**	અંગ્રેજી	૦૭-૦૦
(૧૦)	**ShriVallabhacharyaji His Life & Works & His Message for mankind**	અંગ્રેજી	૩૦-૦૦

પરિચાયક -

ચુનીલાલ જી. શાહ

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી **'તસ્મૈ શ્રીગુરવે નમઃ'** હિન્દી પુસ્તિકાનો ગુજરાતીમાં અનુવાદ બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહ્યો છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

આ પુસ્તિકાનું પ્રકાશન પૂર્વમાં હિન્દીભાષામાં ઈ.સ.૨૦૦૭માં (વિ.સં.૨૦૬૩માં) થયું હતું. ગુરુ વિષયની આ પુસ્તિકામાં ગુરુનું કર્તવ્ય, શિષ્યનું કર્તવ્ય, પરસ્પર ગુરુ-શિષ્યની પરખ, બન્ને વચ્ચેના સમ્બન્ધનું સ્વરૂપ, સમ્પ્રદાય પરમ્પરા વગેરે અનેક વિષયોને આ ખૂબ સારી રીતે અને પ્રમાણ સહ આવરી લેવામાં આવ્યા છે જેથી જિજ્ઞાસુજનોને આ પુસ્તિકા ખૂબ જ ઉપકારક-ઉપયોગી નીવડશે તેવી આશા રાખું છું.

વર્ષ ૮ થી ૧૨, ૧૩ થી ૧૮, ૧૯ થી ૨૫, ૨૬ થી ૪૦, તથા૪૦ની વયના વયસ્કો તથા બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા જૂનાગઢ મુકામે (૧૭ મે થી ૨૩ મે ૨૦૧૨) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા બી-૨ના વય ૨૬ થી ૪૦ ના શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષા સાથેની અધ્યયન પુસ્તિકા અપેક્ષિત હતી તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રકટ થઈ રહ્યું છે.

આ પ્રકાશનનાં કાર્યમા સુબોધભાઈ દ્વારકાદાસ ગાંધી તથા સૌ.સુવર્ણાબેન સુબોધભાઈ ગાંધી -ઊંઝાના એક વૈષ્ણવ પરિવારે શ્રીમહાપ્રભુજીની વાણીની સેવામાં તત્પરતા દાખવી પોતાના દ્રવ્યનો આ સત્કાર્યમાં વિનિમય કર્યો તે બદલ તેમને બન્નેને અનેકશઃ ધન્યવાદો.

ગુજરાતી વિ.સં.૨૦૬૮,
ચૈત્ર વદ-૧૧, **શ્રીવલ્લભાચાર્ય**
ચરણ પ્રાદુર્ભાવ મહોત્સવ,સોમવાર
૧૬-૪-૨૦૧૨-વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

તસ્મૈ શ્રીગુરવે નમઃ

અ.સૌ.શ્રીવ્રજલતા વહૂજી (વડોદરા)

ગુરુર્ન સ સ્યાત્ સ્વજનો ન સ સ્યાત્
પિતા ન સ સ્યાજ્જનની ન સા સ્યાત્ ।
દૈવં ન તસ્યાન્ન પતિશ્ચ સ સ્યાત્
ન મોચયેદ્યઃ સમુપેત મૃત્યુમ્ ॥
(ભાગ. ૫-૫-૧૮)

વિદ્યા આપનાર **ગુરુ**, સ્નેહ આપનાર અથવા હિત કરનાર **સ્વજન**, જન્મ આપનારા **માતા-પિતા**, સત્ ફલને આપનાર **દૈવ**, અથવા પ્રેરણા આપનાર **દૈવ** અર્થાત્ **અન્તર્યામી**, સર્વસ્વને આપનાર **પતિ**, આ બધાને ત્યારે જ સ્વનામધન્ય કહી શકાય છે કે જ્યારે એમના દ્વારા અપાયેલ (વિદ્યા-સ્નેહ-જન્મ વગેરે) મૃત્યુના મહા ભયાનક કષ્ટથી બચાવનાર બની જાય.

ભારતીય સંસ્કૃતિમાં અથવા ભારતીય સંસ્કૃતિના નિર્માતા ઋષિ-મુનિઓ દ્વારા પ્રણીત સર્વશાસ્ત્રોમાં ગુરુનો મહિમા પૃથ્વી ઉપર રહેલા માનવ માટે જ નહીં અપિતુ દેવ-અસુર આદિ બધાને માટે ઈશ્વરતુલ્ય માનવામાં આવ્યો છે. કારણ કે જીવનપથનું પ્રદર્શન કરનારા ગુરુ વિના કોઈની પણ જીવનયાત્રા સુખકર-કલ્યાણકર બિન્દુ ઉપર પહોંચી શકતી નથી. કલ્યાણ-રહિત સુખને એટલે કે જેમાં અકલ્યાણ હોય એવું સુખરૂપમાં પ્રતીત થઈને પણ એને સુખ નહીં કહી શકાય અને જેમાં શાશ્વત સુખાનુભાવ ન હોય એવા

કલ્યાણરૂપમાં પ્રતીત થઈને પણ એને કલ્યાણ માની શકાય નહીં. આ પ્રકારનું કલ્યાણ જેનાથી થાય તે ગુરુ, સ્વજન, પિતા, માતા, દૈવ અને પતિ છે એમ કહેવાનું ભાગવતનું તાત્પર્ય છે.

સાધારણ રૂપમાં જે વિદ્યાનું શિક્ષણ આપે યા જે મંત્રનો ઉપદેશ કરે એ વિદ્યાદાતા યા મન્ત્રોપદેષ્ટાને ગુરુ નામે કહેવામાં આવે છે. કિન્તુ ભાગવતના ઉક્ત વાક્ય અનુસાર મૃત્યુનો ભય જેનાથી નિવૃત્ત થાય-મૃત્યુથી સદાને માટે મુક્તિ મળે એવી વિદ્યાને આપનાર યા એવા મન્ત્રનો ઉપદેશ કરનારને જ વાસ્તવમાં ગુરુ કહી શકાય છે. અતઃ ગુરુ એ છે જે શિષ્યને સાંસારિક બન્ધનોથી મુક્ત કરાવીને એને પરમાત્મા સાથે જોડી દેતા હોય. અવિદ્યાથી બંધાયેલા જીવને સદ્વિદ્યા-બ્રહ્મવિદ્યા દ્વારા બન્ધનથી મુક્ત કરાવીને પરમવ્યોમ-બ્રહ્મમાં વિચરણ-વિહાર કરવાનું સામર્થ્ય સદ્ગુરુથી જ પ્રાપ્ત થઈ શકે છે. મૃત્યુના ભયથી મનુષ્ય ત્યાં સુધી જ ભયભીત રહે છે જ્યાં સુધી એને પોતાનો પરમાત્મા સાથેનો સમ્બન્ધ સ્મરણમાં નથી આવ્યો. ગુરુની કૃપાથી-સમર્થગુરુ ના સાન્નિધ્ય અને સામીપ્યથી પ્રભુની સ્મૃતિ બની રહે છે - મનુષ્ય મૃત્યુના ચિન્તનથી દૂર પ્રભુનું નજદીકપણું અનુભવ કરે છે. યદિ કોઈમાં શિષ્યને મૃત્યુના ભયથી છોડાવવાનું સામર્થ્ય યા યોગ્યતા નથી તેવાને કોઈને પણ પોતાનો શિષ્ય બનાવવાનો અને કોઈકના પોતે ગુરુ બનવાનો અધિકાર નથી. જો કોઈ કોઈના જીવનને આબાદ નથી કરી શકતો તો કમસે કમ કોઈના જીવનને બરબાદ તો નહીંજ કરવું જોઈએ, ન એવો કોઈને અધિકાર પણ છે. આ બાબતમાં શ્રીવલ્લભાચાર્યજીના જીવનચરિત્રનું એક વૃતાન્ત ઉદાહરણીય છે -

એક સમયની વાત છે શ્રીવલ્લભાચાર્યજી પોતાના શિષ્યો સહિત વ્રજ-ગહવરવનમાંથી પસાર થઈ રહ્યા હતા, તે વખતે બધાની દૃષ્ટિ એક દૃશ્ય પર પડી, એક ઘણો મોટો અજગર અસહાય સ્થિતિમાં પડ્યો હતો અને હજારો-લાખો કીડીઓ અજગરના શરીરમાંથી માંસ ફોલીને કાઢી રહી હતી અને અજગર મહાન પીડા અનુભવીને તડપી રહ્યો હતો. શિષ્યોમાંથી કોઈક એકે જિજ્ઞાસાભાવે શ્રદ્ધાપૂર્વક-પોતાના ગુરુવર્ય શ્રીવલ્લભાચાર્યજીને પ્રશ્ન

પૂછ્યો, પ્રભુ ! આ અજગરે પૂર્વ જન્મમાં એવું તે કેવું પાપ કર્યું હતું કે જેથી આવું અસહ્ય કષ્ટ ભોગવી રહ્યો છે ? અને અજગરે આ કીડીઓનું પૂર્વમાં શું બગાડ્યું હતું કે જેથી આ જન્મમાં આ રીતે દુશ્મનાવટ બતાવી રહી છે ? શ્રીવલ્લભાચાર્યજીએ ઉત્તરમાં જણાવ્યું. આ અજગર પૂર્વજન્મમાં એક મોટો મઠાધીશ ગુરુ હતો, એણે પોતાના જીવનકાળમાં લાખો શિષ્યો બનાવ્યા પણ તે ઘણો જ લોભી પ્રકૃતિનો હતો અને પોતાની પૂજા-પ્રતિષ્ઠામાં જ તેને રસ હતો. એણે શિષ્યોનાં કલ્યાણનો વિચાર સુદ્ધાં કર્યો નહીં એ જીવનભર શિષ્યો પાસેથી પૈસા ખંખેરતો રહ્યો અને પોતાની સેવા-પૂજા શિષ્યોથી કરાવતો રહ્યો. મઠાધીશના મોહક અને દમ્ભી પ્રભાવમાં ફસાઈને શિષ્યગણ પણ એની ખૂબ જ શ્રદ્ધાથી સેવા-પૂજા કરતો રહ્યો અને એને ભેટ-સૌગાત આપતો રહ્યો. એ શિષ્યગણે પોતાના આત્મકલ્યાણ માટે આથી અલગ બીજું કોઈ સાધન કર્યું નહીં, ન ગુરુએ સ્વાર્થવશ એવી કોઈ પ્રેરણા પણ આપી. પરિણામે પોત-પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં ગુરુ-શિષ્યગણ બધાંનું મરણ થયું. એ બધાનો ફરીથી આ ભૂતલ પર જન્મ થયો. આ પૈકી મઠાધીશે પોતાની પૂર્વજન્મની મનોવૃત્તિ અનુસાર અજગરનો દેહ પ્રાપ્ત કર્યો અને બધા જ શિષ્યોએ પોતાનું કલ્યાણ નહીં થવાથી અને પોતાનું જીવન બરબાદ કર્યું હોવાથી શત્રુતાથી મનોવૃત્તિવશ તેને અનુકૂલ કીડીઓનું શરીર ધારણ કર્યું કે જેથી પૂર્વજન્મનો ક્રોધ આ રીતે અજગર ઉપર કાઢી રહી છે. આજ આ દશ્યનું રહસ્ય છે.

ઉપર્યુક્ત પ્રસંગથી એમ નિશ્ચય થાય છે કે યોગ્ય ગુરુની ઉપલબ્ધિ થાય ત્યારે જ, તેવા ગુરુની કૃપા અને તેમના માર્ગદર્શનમાં કરવામાં આવેલી સાધના પોત-પોતાના માર્ગને ઉચિત ફલને પામવા સુધી પહોંચવામાં સક્ષમ હોય છે. આમ તો જગતના પ્રચલિત વ્યવહારમાં ઘણાં પ્રકારે 'ગુરુ' શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. કોઈકથી થોડું પણ કંઈ શીખવામાં આવે ત્યારે શિખવાડનારને ગુરુ કહેવામાં આવે છે. મન્ત્રની દીક્ષા આપનારને પણ ગુરુ કહેવામાં આવે છે. સ્કૂલ-કોલેજ વગેરે વિદ્યાક્ષેત્રોમાં વ્યવસ્થિત અધ્યયન કરાવનારને ગુરુ કહેવામાં આવે છે. ત્યાં સુધી કે વ્યાપાર, મોટરકાર, બન્દૂક, જુગાર, ચોરી, શરાબ પીવો વગેરે શિખવાડનારને પણ ગુરુ કહેવામાં આવે છે. પરંતુ આ બધા જ પ્રકારો ફક્ત માર્ગદર્શકપણું યા વિદ્યા શિખવાડવું એટલા માત્રથી જ 'ગુરુ' શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. યદ્યપિ એ સત્ય છે કે ગુરુ માર્ગદર્શક પણ હોય છે તો ગુરુ વિદ્યા પણ શિખવાડે છે. પરન્તુ એનો એ અર્થ નથી થઈ શકતો કે કોઈ અન્ધકાર-મૃત્યુ યા પાપના માર્ગનું પ્રદર્શન કરાવનારો ગુરુ હોઈ શકે છે. કોઈ આત્મહત્યા કરવાનું માર્ગદર્શન કરે અને એને ગુરુ કહેવા માનવામાં આવે એ તો નરી મૂર્ખતા જ છે. તેથી ગુરુ એ જ હોઈ શકે જે મૃત્યુથી, સંસારના જન્મ-મરણનાં દુઃખોથી, દુઃખોનું કારણ એવા પાપથી અને પાપવૃત્તિથી છુટકારો અપાવે અને આપણને આત્મકલ્યાણના માર્ગ પર સ્થિર કરીને એ માર્ગ પર ચલાવે. ગુરુવન્દનાનો સુપ્રસિદ્ધ શ્લોક આ જ વાતને જણાવે છે -

અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥

અર્થાત્ - બુદ્ધિની દષ્ટિમાં અજ્ઞાનરૂપ અન્ધકાર વ્યાપ્ત હોવાથી અન્ધ બનેલાઓને પોતાની વાણીરૂપી શલાકા વડે જ્ઞાનાંજન (જ્ઞાનરૂપી કાજળ) લગાવીને બુદ્ધિની દષ્ટિને ખોલી દેનારા એવા ગુરુને નમસ્કાર અર્થાત્ જે જ્ઞાન વાસ્તવિક હોય, સત્યદર્શન કરાવનાર હોય અને એનાં દ્વારા આત્મકલ્યાણને સાધનાર હોય એવા જ્ઞાનને આપનારને ગુરુ માનવા જોઈએ. અત એવ આપણે બધા જ પ્રાણીમાત્રના પ્રથમ ગુરુ સાક્ષાત્ પરમાત્મા પરબ્રહ્મ ભગવાન જ છે કે જેમણે પોતાની વાણીરૂપ વેદ વડે **'તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્મામૃતં ગમય, અસતો મા સદ્ ગમય'** વગેરે વાક્યો વડે આપણને સન્માર્ગ-પ્રતિ પ્રયાણ કરવા આદેશ આપ્યો છે. સદ્ જ્ઞાનનો ઉપદેશ કરનાર હોવું યા સન્માર્ગનું પ્રદર્શન કરનાર હોવું ગુરુ શબ્દને માટે પર્યાપ્ત નથી, કિન્તુ એક બીજું લક્ષણ પણ ભગવાન ભાગવતમાં જણાવે છે કે **'ગુરુકર્ણધારમ્'** (ભાગ. ૧૧-૨૦-૧૭) ગુરુ નૌકારૂપ મનુષ્યજીવનની પતવારને સંભાળનારા પણ હોવા જોઈએ.

કેવલ સન્માર્ગપ્રતિ આંગળી ચીંધનારને ગુરુ કહેવામાં આવતા નથી કિન્તુ આંગળી પકડીને સન્માર્ગ પર ચલાવનાર, સાધકને સાધનાપથમાં આવતી મુશ્કેલીઓને દૂર કરનાર અને માર્ગ પર ચાલવા માટે ઉપયુક્ત પ્રોત્સાહન વગેરે બળ આપનાર હોવા જોઈએ. કર્ણધારરૂપમાં ગુરુનું આ મુજબ જ લક્ષણ હોઈ શકે છે. નાવનો જે કર્ણધાર હોય છે તે નાવને ગતિ પણ પ્રદાન કરે છે, નાવને તોફાનો અને વિશાલકાય જનાવરોથી પણ બચાવે છે અને નાવને નિશ્ચિત સ્થળ પર પહોંચાડે પણ છે એટલું જ નહીં યદિ નાનાં-મોટાં છિદ્રથી પાણી નાવમાં પ્રવેશી નાવને ડૂબવાનો ખતરો ઉત્પન્ન થઈ શકે છે તદર્થ નાવને ખતરો પેદા કરનાર નાવમાં પ્રવેશેલ પાણીને પણ બહાર કાઢી દે છે. એ જ રીતે ગુરુ પણ શિષ્યને સર્વ પ્રકારે સુરક્ષિત રાખતાં શિષ્યની જીવનનૌકાને કલ્યાણસ્વરૂપ નિશ્ચિત લક્ષ્ય પ્રતિ લઈ જઈ લક્ષ્ય પર પહોંચાડે છે.

ગુરુમાં આ પ્રકારનું સામર્થ્ય ત્યારે જ સંભવ છે કે જ્યારે ગુરુસ્થાનીય વ્યક્તિ વેદો-શાસ્ત્રોના તાત્પર્યને સારી રીતે જાણનાર વિદ્વાન હોય અને એમણે જે મુજબનું તાત્પર્ય જાણ્યું હોય તે અનુસાર સ્વયં આચરણ કરનાર પણ હોય. શાસ્ત્રમાં આચાર્યના લક્ષણને જણાવતાં કહેવામાં આવ્યું છે કે **'આચિનોતિ હિ શાસ્ત્રાર્થાન્ સ્વયમાચરયત્યપિ'** જે સ્વયં શાસ્ત્રનો અર્થ-તાત્પર્યને સારી રીતે ચૂંટતા હોય અને તેના અનુસાર પોતે આચરણ કરતા હોય તે આચાર્ય છે. મનુસ્મૃતિમાં પણ આચાર્યનું લક્ષણ જણાવતાં કહ્યું છે -

ઉપનીય તુ યઃ શિષ્યં વેદમધ્યાપયેદ્ દ્વિજઃ ।
સકલ્પં સરહસ્યં ચ તમાચાર્યં પ્રચક્ષતે ॥

(મનુસ્મૃતિ ૨-૧૪૦)

'જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી-સમ્પ્રદાય અને એની આચાર્ય પરમ્પરા' નામની પુસ્તિકામાં ગો.શ્રીચન્દ્રગોપાલજીએ આ શ્લોકને ટાંકતાં એના વિશ્લેષણમાં લખ્યું છે -

''આ વાક્યમાં સાધારણ રીતે 'આચાર્ય' શબ્દને લઈને કેટલીક વાતો સામે આવે છે. એક તો એ કે આ મારો શિષ્ય છે એમ સ્વીકારનાર, બીજી વાત શિષ્યને સંસ્કારથી સંસ્કૃત કરનાર અને સંસ્કૃત કરીને ક્રિયા-જ્ઞાન બન્નેનો અધિકાર સમ્પાદન કરાવનાર, ચોથી વાત સર્વ અંગો સહિત સમ્પૂર્ણ વેદનું અધ્યયન કરેલ, પાંચમી વાત વેદના તત્ત્વને અને તાત્પર્યને સારી રીતે જાણેલા, છઠ્ઠી વાત પોતાનામાં જે જ્ઞાન છે તે અધ્યાપન દ્વારા શિષ્યને આપનાર તથા સાતમી વાત સ્વયં બ્રાહ્મણ હોય. મને તો એમ જણાય છે કે જે અવિચ્છિન્ન પરમ્પરામાં સ્થિત હોય અને જેમાં ઉપર કહેવાયેલ બધી જ બાબતો પરમ્પરા સિદ્ધ હોય તે આચાર્ય છે.''

ઉપર કહેવાયેલ મનુસ્મૃતિના વાકયમાં **'ઉપનીય'** અને **'અધ્યાપયેદ્'** તથા **'સકલ્પં સરહસ્યં વેદમ્'** આ ત્રણ વાક્યોથી ગુરુ-આચાર્યનાં લક્ષણ જણાવ્યાં છે. અહીં ઉપનયન કરાવવાની ક્રિયાના કર્તા આચાર્ય છે. ઉપનયનની એક આ વ્યાખ્યા પણ સાંભળવામાં આવે છે કે - **'ગૃહ્યોક્તકર્મણા યેન સમીપં નીયતે ગુરોઃ । બાલો વેદાય તદ્યોગાત્ બાલસ્યોપનયં વિદુઃ'** અતઃ પોતાની સમીપ લઈને એને વેદોક્ત કર્મથી દીક્ષા દ્વારા વેદાધ્યયનને માટે અધિકાર પ્રદાન કરી એને કલ્પ-રહસ્ય સહિત વેદ ભણાવે તે ગુરુનું લક્ષણ છે. અતઃ ઉપનયન અર્થાત્ આવેલ બાળકનો વૈદિક વિધિપૂર્વક ગુરુદ્વારા શિષ્યરૂપમાં સ્વીકાર છે, તેમ છતાં પણ શિષ્યને જે જ્ઞાનની પ્રાપ્તિ કરાવવાની છે તે જ્ઞાન ગુરુમાં રહેલું હોવાથી અહીં ગુરુ દ્વારા શિષ્યરૂપમાં સ્વીકાર મુખ્ય છે. જેમ વેદોક્ત વિધિથી પુરુષ દ્વારા સ્ત્રીનો પત્નીના રૂપમાં સ્વીકારના અનન્તર પત્નીના ભરણ-પોષણ ઉપરાન્ત એને કલ્યાણ પ્રાપ્ત કરાવવા સુધીનો ભાર પુરુષ ઉપર રહે છે, તેમ સ્વીકારના અનન્તર શિષ્યનો બધો જ ભાર ગુરુ ઉપર રહે છે. આ પ્રકારે બધો ભાર ઉઠાવતાં શિષ્યમાં કલ્યાણસ્વરૂપ જ્ઞાનના ઉદય દ્વારા શિષ્યની જીવનયાત્રાને પરમકલ્યાણરૂપ લક્ષ્યબિન્દુ પર પહોંચાડવી એ કોઈ જીવસાધ્ય બાબત નથી, આ માત્ર ઈશ્વરસાધ્ય છે. કારણ કે જ્ઞાનસમ્પદા કોઈના પણ વ્યક્તિગત અધિકારમાં

નથી અપિતુ એકમાત્ર પરમાત્માના જ અધિકારનો વિષય છે. અતઃ કોઈ જીવ ગુરુ નથી કિન્તુ પરમાત્મા જ સર્વના એકમાત્ર ગુરુ છે. તેથી જ તો આ સર્વત્ર પ્રસિદ્ધ ઉક્તિ છે કે - **'ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ । ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ'** બ્રહ્મા અર્થાત્ ઉત્પન્ન કરનારા, વિષ્ણુ અર્થાત્ સ્થિતિ અથવા પોષણ કરનારા અને મહેશ્વર અર્થાત્ વિનાશ કરનારા અહીં પ્રયોજિત **'દેવ'** શબ્દ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ્વર ત્રણે સાથે જોડવો જોઈએ. દેવ અર્થાત્ દિવ્ય-ક્રીડા કરનાર. આ પ્રકારે દિવ્યતાથી પરબ્રહ્મ જ ક્રીડા કરી શકે છે અતઃ ગુરુ પરબ્રહ્મ જ છે. શિષ્યમાં જ્ઞાનને બીજરૂપમાં સ્થાપન કરીને ઉત્પન્ન કરવું, ઉત્પન્ન જ્ઞાનનું પોષણ-રક્ષણ વડે દઢ કરવું અને દઢ જ્ઞાન દ્વારા શિષ્યમાં રહેલી બધી અવિદ્યા ગ્રન્થિઓનો નાશ કરવો આ ત્રણે કાર્ય પરમાત્મા પોતાના ગુરુરૂપે કરે છે અને આ પ્રકારે કરવામાં આવેલ જ્ઞાનાર્જન જ શિષ્યને પરમકલ્યાણ સુધી લઈ જઈ શકે છે. અતઃ પરમાત્માને હૃદયમાં ધારણ કરવા યોગ્ય શુદ્ધ અન્તઃતરણવાળો પવિત્ર સદાચારી જ્ઞાનવાન્ વ્યક્તિ જ્યારે પૂર્વોક્ત પરમાત્માના ગુરુરૂપના સ્મરણ દ્વારા પોતાનામાં તે ગુરુનું સારી રીતે આધાન કરીને અહંકાર વગેરેથી રહિત બની રહી શિષ્ય કલ્યાણથી અતિરિક્ત અન્ય કોઈ ભાવ યા અપેક્ષા રાખ્યા વિના એકમાત્ર પરમ કલ્યાણની પ્રાપ્તિ કરાવવાના ઉદ્દેશ્યથી આવેલ વ્યક્તિને 'આ મારો શિષ્ય છે' આ રૂપમાં સ્વીકાર કરે છે અને શિષ્ય પણ પરમ કલ્યાણ અર્જનના હેતુથી આદર-શ્રદ્ધાપૂર્વક 'આ મારા ગુરુ છે' એમ સ્વીકારપૂર્વક પોતાનું આત્મસમર્પણ ગુરુને કરે છે ત્યારે તે શિષ્ય જ્ઞાનાર્જન કરવા માટે યોગ્ય છે એમ કહી શકાય છે.

ઉપનયનમાં અપાતી દીક્ષામાં પ્રયોજિત ગાયત્રીમંત્ર પણ પૂર્વમાં કહેવાઇ ગયા મુજબ ઉત્પત્તિ-પોષણ-નાશ એમ ત્રિવિધ શક્તિવાળા પરબ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે. **'સવિતુઃ-વરેણ્યમ્ -ભર્ગઃ - દેવસ્ય'** આમાં અન્તિમ શબ્દથી પરબ્રહ્મનું સૂચન કરીને પૂર્વના ત્રણ વડે પરબ્રહ્મ ત્રણ શક્તિઓવાળા છે કિંવા આ ત્રણે શક્તિઓ શક્તિમાન પરબ્રહ્મની છે એમ સૂચિત કર્યું છે. જ્ઞાન આપવું અને જ્ઞાન ગ્રહણ કરવું એમાં મુખ્ય સાધન બુદ્ધિ

છે. વાસનાત્મક સંસ્કારોથી પ્રેરિત થયેલી બુદ્ધિ ન તો બ્રહ્મરૂપ જ્ઞાનને પ્રકટ કરવા સક્ષમ હોય છે, ન તે પ્રકટ બ્રહ્મરૂપ જ્ઞાનનું આધાન કરવા સક્ષમ હોય છે. અતઃ આ બન્ને પરમાત્માથી પ્રેરિત થયેલી બુદ્ધિમાં જ સંભવ છે. તેથી દીક્ષાના સમયે મંત્રમાં પ્રયોજિત **'નઃ'** એમ બહુવચન પદ શિષ્યો અને ગુરુ બધાનું જ નિર્વચન કરે છે. ગુરુસ્થાનીય વ્યક્તિની ભગવાનથી પ્રેરાયેલી બુદ્ધિ જ શિષ્યનું અધિકાર અનુસાર કલ્યાણ થાય એવું જ્ઞાન પ્રકટ કરી શકે છે. આ જ વાતને શ્રીવલ્લભાચાર્યજીએ સ્વરચિત જલભેદ નામના ગ્રન્થમાં - **'હૃદાસ્તુ પંડિતાઃ પ્રોક્તા ભગવચ્છાસ્ત્રતત્પરાઃ । સન્દેહવારકાસ્તત્ર સૂદા ગમ્ભીરમાનસાઃ'** વાક્યથી જણાવી છે.

આ સાથે જ મળતી-આવતી વાત શ્રીવલ્લભાચાર્યજી શ્રીભાગવત એકાદશ સ્કન્ધની ટીકા સુબોધિનીમાં લખે છે - **'નિરાલમ્બો યથા લોકે સ્થાનભ્રષ્ટો નિગદ્યતે । હરેઃ કૃપાવિશિષ્ટોઽપિ ગુરુહીનસ્તથૈવ ચ'** (ભાગ.સુબો. કારિકા ૧૧-૩-૩૩) ભગવાન શ્રીહરિની કૃપાથી વિશિષ્ટ થયેલો પણ જો વગર ગુરુનો છે ત્યારે તે આલંબન-આધાર વિનાનો જ જાણવો જોઈએ. જે પ્રકારે ભગવાનની ભક્તિ સ્વતંત્રા-સ્વતઃ પુરુષાર્થરૂપા છે, ગુરુસેવા પણ તેવી જ છે શ્રીવલ્લભાચાર્યજીનું અહીં કહેવાનું તાત્પર્ય એમ છે કે ભગવાન જ્યારે જીવ ઉપર પોતાની પ્રાપ્તિ જીવને થાય તેવી કૃપા કરે છે ત્યારે તે જીવને કર્ણધારરૂપ સદ્ગુરુની ઉપલબ્ધિ થાય છે. કર્ણધાર સદ્ગુરુનું મળવું ભગવત્ કૃપાનું પરિચાયક છે. ગુરુસેવાને ભક્તિની માફક સ્વતઃ પુરુષાર્થરૂપા કહેવાથી ગુરુસેવા એ ધર્મરૂપા, અર્થરૂપા, કામરૂપા, મોક્ષરૂપા છે. અથવા ગુરુસેવા એ આ પુરુષાર્થોના સમાનાધિકરણમાં છે. અર્થાત્ ગુરુસેવા જ પરમધર્મ, પરમઅર્થ, પરમકામ અને બધા જ દુઃખોનો ઈલાજ અને પરમસુખ આપનાર પરમમોક્ષ છે.

સ્વ-સમ્પ્રદાયમાં કર્ણધારરૂપ સદ્ગુરુનું લક્ષણ જણાવતાં શ્રીવલ્લભાચાર્યજી સ્વકૃત તત્ત્વાર્થદીપનિબન્ધના સર્વનિર્ણય પ્રકરણમાં

સ્પષ્ટતયા જણાવે છે -

કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્ ।
શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેજ્જિજ્ઞાસુરાદરાત્ ॥

(તત્ત્વાર્થદીપનિબન્ધ સ.નિ.પ્ર.૨૨૭)

જે કૃષ્ણસેવામાં પરાયણ હોય, દંભ વગેરેથી રહિત હોય, શ્રીભાગવતના તત્ત્વને જાણનાર હોય, એવા પુરુષને પરખીને એનું જિજ્ઞાસુ આદરપૂર્વક ભજન કરે અહીં આ શ્લોકના પ્રકાશમાં શ્રીવલ્લભાચાર્યજી લખે છે - **યો હિ ગુરુઃ સેવામુપદેક્ષ્યતિ સ સ્વયં ચેત્તાં ઉત્તમાં જાનીયાત્ તદા કથં ન સ્વયં કુર્યાદિતિ સેવા પર એવ ગુરુઃ’** જે ગુરુ સેવાનો ઉપદેશ કરશે તે પોતે યદિ સેવાને ઉત્તમ જાણતો હશે તો પછી તે પોતે સેવા કેમ નહીં કરશે ? અતઃ (ભક્તિમાર્ગમાં) સેવાપરાયણ જ ગુરુ હોઈ શકે છે આ પ્રકારે શ્રીવલ્લભાચાર્યજી સ્વ-સમ્પ્રદાયમાં ગુરુને માટે ભક્તિમાર્ગને અનુરૂપ હોઈને દમ્ભ વગેરેથી રહિત રહીને દેખાવો-કામ-લોભ-પૂજા વગેરે નિમિત્ત વિના જ સ્વભાવતઃ સ્વધર્મતઃ ભક્તિ-સેવાનું આચરણ કરનાર અને તેવી ભક્તિનો ઉપદેશ આપનાર તથા ભક્તિશાસ્ત્ર ભાગવતના તત્ત્વને જાણનાર વિદ્વાન્ આ માર્ગનો ગુરુ છે એમ જણાવે છે. આ પ્રકારે શ્રીવલ્લભાચાર્યજી ગુરુસ્થાનીય માટે મન-વાણી-ક્રિયા ત્રણેની એકવાક્યતા હોવી આવશ્યક માને છે. જે વાત પોતાના આચરણમાં ન હોય તે વાત બોલીને પણ શિષ્યના હૃદયમાં પ્રવિષ્ટ થઈ શકતી નથી ત્યારે પછી તે વાત હૃદયમાં દૃઢ થવાની તો સમ્ભાવના જ નથી રહેતી.

સર્વનિર્ણય પ્રકરણમાં ઉપર્યુક્ત વિભાગમાં શ્રીવલ્લભાચાર્યજી બે વાતો સ્પષ્ટ કરે છે. એક તો એ કે ગુરુ માટે એ આવશ્યક છે કે તે વ્યક્તિને પરખીને જ શિષ્ય બનાવે. તેઓશ્રી લખે છે -

સર્વથા ચેદ્ધરિકૃપા ન ભવિષ્યતિ યસ્ય હિ ।

તસ્ય સર્વમશક્યં સ્યાન્માર્ગેઽસ્મિન્ સુતરામપિ ।
કૃપાયુક્તસ્ય તુ યથા સિદ્ધ્યેત્ કારણમુચ્યતે ॥

(સર્વનિર્ણય નિબન્ધ-૨૨૬)

જેનાં ઉપર હરિકૃપા નહીં હશે તે ચાહે કેટલાએ ગુણોથી ઉત્કૃષ્ટ કેમ ન હોય, તેને માટે આ માર્ગમાં બધું જ અશક્ય છે. અતઃ જે હરિની કૃપાથી યુક્ત છે તેવા લોકોને જે સાધન સિદ્ધિ સુધી લઈ જઈ શકે છે તે સાધનો અહીં કહેવામાં આવે છે. આ માર્ગમાં **‘યમેવૈષવૃણુતે તેન લભ્યઃ’** આ શ્રુતિ અનુસાર ભગવાનનો અનુગ્રહ જ અહીં મુખ્ય અધિકાર સમ્પાદક છે અતઃ જે જીવ ભગવાનના વિશેષ અનુગ્રહક્ષેત્રમાં છે તે જ આ માર્ગનો અધિકારી છે અને તેના માટે જ ભક્તિમાર્ગીય સાધન ભક્તિ-ઉત્પાદક થાય છે, કિન્તુ જે જીવ ભગવાનના વિશેષ અનુગ્રહને પ્રાપ્ત નથી તે આ સાધનોને સ્વીકારીને પણ ભક્તિ ઉપલબ્ધ નથી કરી શકતો. તેમનામાં સ્વતંત્રા-શુદ્ધા-દુર્લભા ભક્તિ પ્રકટ થતી નથી. જેમ **‘દૈવી સમ્પદ્વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા’** એ ગીતા અધ્યાય-૧૬ ના વાક્યથી આસુરી લોકો બન્ધન માટે નિયત છે આથી એમ ફલિત થાય છે કે આસુરી સમ્પદામાં ઉત્પન્ન વ્યક્તિ દ્વારા વેદોક્ત યોગ-તપ વગેરે સાધન કરવા છતાં પણ મોક્ષને સાધી શકે એ પ્રકારની એમના અન્તઃકરણની શુદ્ધિ થતી નથી અને તેઓ સદા જ મોક્ષને માટે અનધિકારી છે. જે મલયુક્ત છે એને તો સાધનો વડે મલ દૂર કીરને નિર્મલ બનાવી શકાય છે પણ જે સ્વયં મલરૂપ છે એમની મલરૂપતા સાધન વડે મટી શકતી નથી. તેવી જ રીતે ભગવદનુગ્રહરૂપ અધિકાર જેમાં નિહિત છે તેના વડે ભક્તિમાર્ગીય સાધન કરાતાં તેમાં ભક્તિ પ્રકટ થાય છે. અતઃ આ માર્ગના સાધનોનો ઉપદેશ જે કૃપાયુક્ત છે તેને કરવો જ ફલદાયી છે. આ સ્થિતિમાં અહીં એ પ્રશ્ન બને છે કે આ જીવ કૃપાયુક્ત છે તે કેવી રીતે જાણી શકાય ? શ્રીવલ્લભાચાર્યજી આ સ્થળે લખે છે કે - **‘પરમત્ર ન સર્વેષાં ફલમુખાધિકારઃ, કિન્તુ યેષુ ભગવત્કૃપા’** અહીં આ માર્ગના સાધનોનું આચરણ કરનારા બધાનો ફલમુખ

-ફલ સુધી પહોંચવાનો અધિકાર નથી, કિન્તુ જેમનામાં ભગવત્કૃપા નિહિત છે (એમનો જ ફલમુખ અધિકાર છે). એવી કૃપા કઈ રીતે જાણવી? તો આગળ લખે છે - **‘કૃપાપરિજ્ઞાનં ચ માર્ગરુચ્યા નિશ્ચીયતે’** કૃપા છે કે નહીં ની પરખ આવનારની માર્ગમાં રુચિ છે યા નથી અને જો છે તો કયા પ્રકારની છે એની પરખથી અમારા દ્વારા નિશ્ચય કરવામાં આવે છે આ પ્રકારે આવનારના અધિકારની પરખ કરવું ગુરુ માટે આવશ્યક છે. જેને આ માર્ગમાં રુચિ નથી, જેને આ માર્ગમાં કહેવાયેલા સાધનમાં શ્રદ્ધા નથી, જેને આ માર્ગના ગુરુ પ્રતિ આદર નથી, જેને આ માર્ગના આરાધ્ય ભગવત્સ્વરૂપમાં પ્રીતિ નથી, જેને આ માર્ગમાં કહેવાયેલા ફલની આકાંક્ષા નથી, જેની આ માર્ગના વેશ-ભૂષા-ભાષા-રીત-રીવાજોથી વિપરીત બુદ્ધિ છે એવા લોકોને શિષ્ય બનાવનાર વ્યક્તિ મૂલગુરુ શ્રીઆચાર્યચરણ અને એમના સિદ્ધાન્તોની અવગણના કરીને જ બનાવે છે અને એમાં લોભ વગેરે દોષ જ કારણભૂત હોય છે. શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ લખે છે કે - **‘વિચાર્યૈવ સદા દેયં કૃષ્ણનામ વિશેષતઃ । અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ’.**

આ બાબતમાં શ્રીવલ્લભાચાર્યજી એક બીજી વાત પણ જણાવે છે કે આ માર્ગમાં રહેલ કોઈને ગુરુ બનાવી એમના નિર્દેશનમાં આ માર્ગના સાધનાપથ પર ચાલવાની ઈચ્છા ધરાવતા વ્યક્તિએ જરુરી છે કે પ્રથમ પરખ કરીને ગુરુનો નિશ્ચય કરે. વ્યક્તિની અહોરાત્ર દૈનિકી ક્રિયા, ક્રિયાના મૂલમાં રહેલ અન્તઃકરણના ભાવો અને એની બુદ્ધિમાં રહેલ જ્ઞાનનો પ્રકાર એ બરાબર પરખીને નિશ્ચય કરવો કે આના નિર્દેશનમાં ભક્તિ પ્રકટી શકે છે ? યા પછી કંઈ અન્યથા જ પ્રકટી શકે છે. કેમ કે **‘ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ’** જેનું ચિત્ત શરીર-પત્ની-ધન-પ્રતિષ્ઠા-પૂજામાં જ લાગેલું છે એના નિર્દેશ, આદેશ યા ઉપદેશનું અનુસરણ કરવાથી તો અન્યથા જ પ્રકટી શકે છે. એટલું જ નહીં કોઈમાં સાંસારિક ન હોય તો પણ આપણે જેના ગુરુત્વમાં જે માર્ગ પર ચાલવા માંગીએ છીએ તે માર્ગમાં ગુરુસ્થાનીય વ્યક્તિની શ્રદ્ધા-આચરણ-જ્ઞાન વગેરે વડે સ્થિતિ છે કે નહીં તેની પરખ તો આવશ્યક જ રહે છે. માત્ર કોઈક કારણે ગુરુ બની બેઠેલા કે જેને યોગનું જ્ઞાન નથી, ન યૌગિકી ક્રિયાઓમાં એની કોઈ શ્રદ્ધા છે, એણે ન તો ક્યારેય કોઈ યૌગિકી ક્રિયા સમ્પન્ન કરી છે એવાના નિર્દેશનમાં કોઈ યોગસાધના વડે આગળ વધવાની ઈચ્છા ધરાવનાર વ્યક્તિ પ્રાણાયામ વગેરે કરે તો ત્યારે સ્વાસ્થ્યહાનિ યા મૃત્યુરૂપ અન્યથા જ પરિણામ આવી શકે છે, તેને યૌગિક ફલ નહીં થઈ શકે. ભક્તિમાર્ગમાં પણ જેના ઉપદેશ-આદેશ યા નિર્દેશનમાં ભક્તિ-સાધના કરવાની છે તે ગુરુસ્થાનીય વ્યક્તિનું હૃદય ભક્તિમય ભાવોથી ભરપૂર છે કે નહીં, તે પોતે ભક્તિનું આચરણ કરે છે ? યા પછી માત્ર ભક્તિમય ભાવોનો ઉપયુક્ત સમય પર દમ્ભપૂર્વક દેખાડો જ કરે છે, તથાચ જે ભક્તિભાવ એમાં દેખાય છે તે સ્વૈચ્છિક-સ્વચ્છન્દ છે યા ભાગવત વગેરે ભક્તિશાસ્ત્ર સમ્મત-સંગત છે એની પરખ આવશ્યક છે.

પ્રાયઃ કરીને શિષ્યવર્ગમાં પ્રાથમિક સ્થિતિમાં ગુરુની સાચી પરખ કરવાની ક્ષમતા નથી હોતી અને દીર્ઘકાળની સમીપતા પછી કંઈક પરખ થાય છે કે જ્યારે ઘણો લાંબો સમય અને રસ્તો કપાઈ ચુક્યો હોય છે. આવી સ્થિતિમાં ખોટું પરીક્ષણ ન થઈ જાય તે માટે ઋષિ-મુનિઓએ સમ્પ્રદાય પરમ્પરાને પ્રશસ્તરૂપમાં પ્રવર્તિત કરી છે. સમ્પ્રદાય પરમ્પરામાં આદ્ય સંસ્થાપક આચાર્ય જ મુખ્યરૂપમાં ગુરુ હોય છે. એમના પછીથી એમના સ્થાન પર કાર્યવાહકરૂપમાં જે આસીન હોય તે દ્વારભૂત હોય છે. દ્વારભૂતનું તાત્પર્ય છે કે આદ્ય મુખ્ય ગુરુ દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાન્ત અનુસાર એમના માર્ગ પર સ્વયં ચાલતાં બીજાઓને એ સિદ્ધાન્તોનો ઉપદેશ આપનાર અને મૂલગુરુથી અનુસ્યૂત રહીને તે માર્ગ પર શિષ્યોને ચલાવનાર. આ સ્થિતિમાં વ્યક્તિએ જે ગુરુનું ચયન કરવાનું છે તે આદ્યગુરુના ગુણ-લક્ષણ જોઈને કરવાનું છે. કાર્યવાહક-દ્વારભૂતથી દીક્ષા ગ્રહણ કરીને પણ દીક્ષા ગ્રહણ કરનારના ગુરુ તે આદ્ય મનાશે. કારણ કે જે દ્વારભૂત સમ્પ્રદાયની દીક્ષા આપે છે તે આદ્ય ગુરુનું હૃદયમાં સ્મરણ કરીને એમના પ્રતિનિધિ રૂપમાં દીક્ષા આપે છે. જેમ કોઈ વ્યક્તિને ભારતના કેન્દ્રીયમંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હોય, તે વ્યક્તિ

બે રાષ્ટ્રો વચ્ચે કોઈ કરારનામા પર ભારત તરફથી સહી કરે છે ત્યારે તે કરારનામાની શરતોનું પાલન કરવા માટે તે વ્યક્તિ બંધાયેલો નથી કિન્તુ તે સ્થાને જે-તે વખતે જે મંત્રી નિયુક્ત હશે તે અને સમ્પૂર્ણ ભારતીય રાજ્યતંત્ર અને સમ્પૂર્ણ ભારત રાષ્ટ્ર બંધાયેલું હોય છે. કારણ કે ત્યાં જે કરારનામાનો દસ્તાવેજ થયો છે તે બે વ્યક્તિ વચ્ચે વ્યક્તિગત સ્તર પર નથી થયો કિન્તુ બે રાષ્ટ્રની સરકારો વચ્ચે થયેલો છે, મંત્રીના હસ્તાક્ષર તો સરકારમાં અધિકૃત વ્યક્તિના રૂપમાં જ થયેલા છે. જો હસ્તાક્ષર કરનાર સરકારનાં અન્તર્ગત અધિકૃતરૂપમાં નથી યા પૂર્વમાં હતા પણ અત્યારે નથી અથવા એને આ સ્થાન પર નિયુક્ત કરવામાં આવે એવો નિશ્ચય થઈને પણ એની અધિકૃતિ થોડા દિવસો પછી વૈદ્ય થશે, એવી સ્થિતિમાં પણ કરવામાં આવેલ હસ્તાક્ષર રાષ્ટ્રને માટે બન્ધન કરનાર થઈ શકતા નથી. તેવી જ રીતે પરમ્પરાગત સમ્પ્રદાયમાં સમ્પ્રદાયની વંશ યા શિષ્ય જે માન્ય હોય તે પરમ્પરામાં અધિકૃત વ્યક્તિ દ્વારા દીક્ષા અપાઈને પણ દીક્ષિતનો સમ્પૂર્ણ ભાર આદ્યગુરુ ઉપર જ જાય છે અતઃ એ જ નિશ્ચય કરવો આવશ્યક રહે છે કે આપણે જે દીક્ષા લઈ રહ્યા છીએ તે આપણે જે માર્ગ પર જવા માંગીએ છીએ તે માર્ગ છે કે નથી, દીક્ષા આપનાર (આદ્યગુરુ) તે માર્ગના છે કે નહીં તથા દીક્ષા બાદ તે આપણા કર્ણધાર તરીકેની જવાબદારી વહન કરી શકશે કે નહીં. કુશલ હોઈને પણ કાર ચલાવનાર નાવ નથી ચલાવી શકતો અને કુશલ હોઈને પણ નાવને ચલાવનાર સ્ટીમર નથી ચલાવી શકતો તથા નદીમાં નાવ ચલાવનાર સમુદ્રના મધ્યમાં નાવ નથી ચલાવી શકતો. આ જ વિવેક ગુરુનું ચયન કરવામાં રાખવો જોઈએ.

દ્વારભૂત ગુરુ એમ કહેવાથી ઘર યા મન્દિર માટે લાકડાની કાટકૂટ કરીને દરવાજાનો આકાર આપવા માત્રથી તેને ઘર યા મન્દિરનો દરવાજો કહેવામાં આવતું નથી ન તેવું દ્વાર પ્રાપ્ત કરવાથી ઘર યા મન્દિરની પ્રાપ્તિ થાય છે. અતઃ દ્વાર પદથી તે જ દ્વાર છે જે ઘર યા મન્દિર સાથે પ્રવેશસ્થાન પર જોડાયેલું હોય. પૂર્વથી જોડાયેલું દ્વાર પણ જો કોઈક કારણવશ ઘર યા મન્દિરથી અલગ થઈને સડક પર પડેલું છે ત્યારે પણ તે દ્વારથી ઘર યા મન્દિરમાં પ્રવેશવું શક્ય નથી ન તેવું દ્વાર અન્દર પ્રવેશેલા માટે સુરક્ષાનું સાધન બની શકે છે. તેવી જ રીતે દ્વારભૂત ગુરુ પણ સમ્પ્રદાય પરમ્પરામાન્ય અધિકૃત હોવા જોઈએ, એટલું જ નહીં એનાં વાણી-વર્તન-વ્યવહાર-વેશ-ભૂષા-ભાષા-ઉપદેશ-શ્રદ્ધા વગેરે આદ્યગુરુથી અનુસ્યૂત રહીને હોવાં જોઈએ. ત્યારે જ તે અનુસરણીય હોય છે અને એના વચન-ઉપદેશ-આજ્ઞા વગેરે પાલનીય હોય છે. આ પૈકી એમનો જેટલો અંશ આદ્યગુરુથી અનનુસ્યૂત હોય છે તેટલો અંશ અનનુકરણીય જ હોય છે અને શિષ્ય દ્વારા અનનુસ્યૂત અંશનું અનુસરણ કરવામાં આવતાં તેટલો ભાર યા તેની જવાબદારી આદ્યગુરુને પ્રાપ્ત થતી નથી, એની સમ્પૂર્ણ જવાબદારી અનનુસ્યૂત અંશને કહેનાર-બતાવનાર વક્તા યા ઉપદેષ્ટા અને તેવા અંશનું આંધળા બની પાલન કરનાર એમ બન્ને ઉપર નિજરૂપમાં રહે છે. સારાંશમાં આદ્યગુરુ સર્વગુણસમ્પન્ન સક્ષમ હોતાં એમનાં વચનોમાં પૂર્ણ શ્રદ્ધા રાખી યદિ શિષ્ય એમના કહ્યા અનુસાર માર્ગનું અનુસરણ કરે છે તો નક્કી જ તે પરમ કલ્યાણને અવશ્યમેવ પ્રાપ્ત કરે છે. આ વિષયમાં શ્રીપુરુષોત્તમચરણનું સર્વનિર્ણય આવરણભંગનું વાક્ય ઉલ્લેખનીય છે - **‘કલેર્બલિષ્ઠત્વેન અગ્રિમેષુ ગુરુલક્ષણાભાવં આલોચ્ય સ્વસ્મિન્નેવ એતન્માર્ગીય ગુરુત્વં નિયચ્છન્ત આહુઃ’** કલિની બલિષ્ઠતા હોવાને કારણે આગળના લોકોમાં કહેવાઈ ગયેલ ગુરુના લક્ષણનો અભાવ જોઈ સર્વ પ્રકારે વિચાર કરીને પોતાનામાં જ આ માર્ગનું ગુરુત્વ રાખવાની ઈચ્છાવાળા શ્રીવલ્લભાચાર્યજી કહે છે ....

દ્વારભૂત ગુરુ માટે પણ (દીક્ષા લેવા) આવનારનું સારી રીતે પરીક્ષણ કરીને તે સ્વમાર્ગનો અધિકારી છે એ બાબતનો પૂરેપૂરો નિશ્ચય કરીને જ એને દીક્ષા આપવી જોઈએ. જેમ ગાયત્રી મંત્રની દીક્ષા લેનાર જો પ્રતિદિન ગાયત્રીમંત્રનો જપ નહીં કરે તો તે પ્રત્યવાય દોષને પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે સમ્પ્રદાયની દીક્ષા લીધા પછી આદ્યગુરુ દ્વારા ઉપદિષ્ટ કર્તવ્યને શિષ્ય આચરતો નથી તો તે ગુરુઆજ્ઞાનું ઉલ્લંઘન કર્યાનો દોષવાળો થાય છે. અતઃ શિષ્ય બનવા આવેલાની પરખ દ્વારભૂત ગુરુ માટે આવશ્યક છે. અતઃ દ્વારભૂત ગુરુમાં વ્યક્તિ

પરીક્ષણનું કૌશલ્ય હોવું પણ આવશ્યક છે.

આધુનિક સમયની વાત છે, એક નાનો છોકરો હતો, એની માતા બહુ જ ગરીબ હતી કિન્તુ એની તીવ્ર ઈચ્છા હતી કે પોતાના પુત્રને વૈજ્ઞાનિક બનાવવો. એ માતા એક દિવસ એક વૈજ્ઞાનિકને ઘરે પહોંચી ગઈ અને એમને કહ્યું કે હું મારો પુત્ર તમને સોંપુ છું, આ ઉત્તમ વૈજ્ઞાનિક બને તેવી મારી ઈચ્છા છે. વૈજ્ઞાનિકે કહ્યું આને અહીં રહેવા દો, બે દિવસ પછી તમને જવાબ આપીશ કે આ વૈજ્ઞાનિક બની શકશે કે નહીં. વૈજ્ઞાનિકે પેલા છોકરાને સાફ સફાઈ અને બધી વસ્તુઓની વ્યવસ્થાનું કામ સોંપ્યું. છોકરાએ ઘણી જ સારી રીતે બધા સોંપેલાં કામ કર્યાં. ઘણી સારી રીતે સ્વચ્છતા રાખી અને બહુ જ સારી રીતે બધી વસ્તુઓને ગોઠવીને મૂકી જેને જોઈ વૈજ્ઞાનિક ઘણાં જ પ્રસન્ન થયા. બે દિવસ પછી માતા પૂછવા આવી તો વૈજ્ઞાનિકે કહ્યું તમે તમારા પુત્રને અહીં મૂકી જાઓ, આ જરૂર વૈજ્ઞાનિક બની શકશે. માતાએ પૂછ્યું, પણ કેવી રીતે બની શકશે ? વૈજ્ઞાનિકે કહ્યું આની અંદર બે ગુણો ઘણા મોટા છે, એક સ્વચ્છતાનો અને બીજો વ્યવસ્થાનો, આ બે ગુણો વડે એ જરુર જ ઉત્તમ સંશોધક બની શકશે-કેટલીયે વાતો કુદરતની સમજીને એનાં તથ્યોને શોધી કાઢશે. તે જ છોકરો આગળ ચાલીને એડિસન નામનો સુપ્રસિધ્ધ વૈજ્ઞાનિક બન્યો કે જેમણે વીજળીના બલ્બનો આવિષ્કાર કર્યો. આ પ્રકારે કુશલ ગુરુ શિષ્યનું પરીક્ષણ કરીને એને ઉત્તમ સિધ્ધિ પ્રાપ્ત કરાવી શકે છે. શ્રીમદ્ ભગવદ્ગીતાના અન્તમાં પણ **‘ઈદં તે નાતપસ્કાય નાભક્તાય કદાચન, ન ચાશુશ્રૂષવે વાચ્યં ન ચ માં યોઙભ્યસૂયતે’** (ગીતા. ૧૮-૬૭) ભગવાન અધિકારીને જ ગીતાના ઉપદેશનું વિધાન કરે છે, કિન્તુ જે અનધિકારી છે, જે સ્વ-આચારથી હીન છે, જે અભક્ત છે, જે સાંભળવાની ઈચ્છા નથી ધરાવતો, અજિજ્ઞાસુ છે અને જે ભગવન્નિન્દક છે એવાને ગીતાના ઉપદેશનો નિષેધ કરે છે.

મનુષ્ય જીવનમાં માર્ગદર્શક-પથચાલક-સદ્ગુરુનું હોવું પરમ આવશ્યક છે. મનુષ્ય જીવનમાં ક્યાંકને ક્યાંક કોઈને કોઈ ભૂલો કરતો જ હોય

છે જેથી કરીને એણે ભયાનક વિષમ પરિણામ ભોગવવું પડે છે. અતઃ પ્રત્યેક મનુષ્યને એને પાસેથી જોનારો અને જોઈને યોગ્ય-અયોગ્યને સ્પષ્ટતયા જણાવનાર એકબીજો વ્યક્તિ અપેક્ષિત રહે છે. મનુષ્ય દ્વારા કરવામાં આવેલ વિચારની પુષ્ટિ કરનાર યા વિચારોમાં સંશોધન કરનાર બીજો વ્યક્તિ અપેક્ષિત રહે છે. કારણ કે મનુષ્યે પોતાની બુધ્ધિની કેવી અવસ્થામાં કયો-કેવો વિચાર કર્યો છે અને તે વિચાર કલ્યાણપ્રદ-સુખકર જ હોય તે જરૂરી નથી. ક્યારેક બુધ્ધિમાં આવેગથી, ક્યારેક લોભ વગેરેથી, ક્યારેક અસ્વાસ્થ્યવશ બુધ્ધિની શિથિલતામાં, ક્યારેક બુધ્ધિમાં પ્રમાદવશ, ક્યારેક ભાવનાઓના દબાણમાં કરવામાં આવેલા વિચારો ઘણું કરીને અહિતકર, અકલ્યાણકર, અદૂરદષ્ટ, આત્મઘાતી હોય છે ત્યારે જે બીજો વ્યક્તિ છે તે સાધારણ દષ્ટિવાળો, સાધારણ બુધ્ધિનો અદૂરદષ્ટા (દૂરનું નહીં વિચારી શકનારો) હશે તો એના વડે કરવામાં આવેલી વિચાર શુધ્ધિ પણ શુધ્ધ નહીં જ હશે. એવંચ કોઈ ભૌતિક વિષયમાં દૂરદર્શન કરીને પણ મૃત્યુ પર્યન્ત જ હિતને વિચારી શકે છે, કિન્તુ મૃત્યુથી તો આગળનું ઘણું બધું વિચારવું શેષ રહી જાય છે. અત એવ આ વિષયમાં એક માત્ર સદ્ગુરુ જ આપણા સાચા હિતૈષી માર્ગદર્શક પ્રેરક થઈ શકે છે. શ્રીમદ્ ભાગવતમાં પણ આમ જ જણાવ્યું છે કે -

દુર્લભો માનુષો દેહો દેહિનાં ક્ષણભંગુરઃ ।
તત્રાપિ દુર્લભં મન્યે વૈકુંઠપ્રિય દર્શનમ્ ॥

(ભાગ. ૧૧-૨-૨૯)

શ્રીવલ્લભાચાર્યજી આ શ્લોક ઉપરની સુબોધિની ટીકામાં એક ઘણી જ સારી વાત જણાવે છે - **‘બહવઃ પથિકા ઈવ અરણ્યે વિષમનદ્યાં પ્રાપ્તનૌકા ન નૌકાં સુલભાં મન્યતે, બહુશ્રમેણ પ્રાપ્તત્વાત્’** ઘનઘોર જંગલમાં ઘણા મુસાફરો ઘેરાઈ ગયા હોય, ત્યાં એક વિષમ નદી વચમાં વહી રહી હોય, તે પણ ઉબડ-ખાબડ ખાડાઓ વાળી હોય, એવા અરણ્યમાં આવી નદીને પાર કરવું ઘણું મુશ્કેલ જ હોય છે. તે વખતે અચાનક કોઈ એક નાવ

મળી જાય તો તે નાવ જોઈ તે મુસાફરોને કેટલો આનન્દ થશે. આવા ભયાનક અરણ્યમાં નાવ મળવી કંઈ સહેલું નથી. અરણ્યથી બહાર નીકળવા માટે મુસાફરોના પ્રયત્નથી કંઈ નાવ અહીં નથી આવી અને તે નાવ પણ નાવ ચલાવનાર નાવિકની સાથે મળી છે, ત્યારે તો એમ જ માનવું પડશે કે મુસાફરોના અદૃષ્ટ ભાગ્યથી જ અભીષ્ટ લક્ષ્યની પ્રાપ્તિના હેતુથી જ નાવ મળી છે.

આ જ પ્રકારે ૮૪ લાખ યોનિઓ પૈકી એક જ મનુષ્ય યોનિ છે અતઃ જુદાં-જુદાં શરીરોને પ્રાપ્ત કરતાં ઘણી જ દુર્લભતાથી મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે, તેમ છતાં પણ તે મનુષ્ય જન્મ પણ જન્મ-મરણના દુઃખોથી ભરેલો **‘દુઃખાલયં અશાશ્વતમ્’** ની માફક દુઃખોના ઊંડા સમુદ્ર જેવા સંસારમાં રહેલો છે અને આ સમુદ્રને સહજ રીતે સરલતાથી પાર કરવું શક્ય નથી અતઃ દુર્લભ માનવજીવન પામીને પણ જો દુઃખસાગર તરવા માટેનું કોઈ નિશ્ચિત દૃઢ સાધન પ્રાપ્ત ન થાય ત્યારે તો દુર્લભ મનુષ્ય જન્મ મેળવવો પણ વ્યર્થ થઈ જાય છે. અતઃ શ્રીભાગવત જણાવે છે કે મનુષ્યજન્મ દુર્લભ છે તો તેથી પણ અધિક મનુષ્યજન્મ પામીને માર્ગદર્શક કર્ણધારરૂપ સદ્‌ગુરુનું પ્રાપ્ત થવું તો દુર્લભથી પણ દુર્લભ અતિદુર્લભ છે અને તે જેને પ્રાપ્ત છે તે વાસ્તવમાં અતિશય સૌભાગ્યશાલી છે. આ પ્રકારે શ્રીમદ્‌ભાગવત પણ સદ્‌ગુરુની મનુષ્યજીવનમાં અનિવાર્ય પરમ આવશ્યકતાનું પ્રતિપાદન કરે છે. તેથી જ શ્રીવલ્લભાચાર્યજી સદ્‌ગુરુનો નિશ્ચય કર્યા પછીથી તે સદ્‌ગુરુનું અતિશય આદરપૂર્વક ભજન-સેવન કરવાનું જણાવે છે - **‘ભજેત્ જિજ્ઞાસુરાદરાત્’**

ગુરુ પ્રતિ આદરના પ્રકારને મનુસ્મૃતિમાં વિસ્તારથી બતાવવામાં આવ્યો છે. મનુસ્મૃતિમાં લખે છે - (મનુ.સ્મૃતિ અ.૨,શ્લો.૧૯૧ થી ૨૦૨ તથા ૨૦૭)

ચોદિતો ગુરુણા નિત્યમપ્રચોદિત એવ વા ।
કુર્યાદધ્યયને યત્નમાચાર્યસ્ય હિતેષુ ચ ॥ ૧૯૧ ॥

ગુરુ દ્વારા પ્રેરિત કરાતાં યા નહીં કરાતાં પણ શિષ્ય અધ્યયનમાં અને ગુરુના હિતમાં નિત્ય યત્ન કરે ॥ ૧૯૧ ॥

શરીરં ચૈવ વાચં ચ બુદ્ધીન્દ્રિયમનાંસિ ચ ।
નિયમ્ય પ્રાંજલિસ્તિષ્ઠેદ્વિક્ષમાણો ગુરોર્મુખમ્ ॥ ૧૯૨ ॥
નિત્યમુદ્ધૃતપાણિઃ સ્યાત્સાધ્વાચારઃ સુસંગતઃ ।
આસ્યતામિતિ ચોક્તઃ સન્નાસીતાભિમુખં ગુરોઃ ॥ ૧૯૩ ॥

શરીર, વાણી, બુદ્ધિ, ઈન્દ્રિયો અને મનને નિયમનમાં રાખતાં બે હાથ જોડી ગુરુનું મુખ જોતાં ઊભા રહેવું ॥ ૧૯૨ ॥ નિત્ય પહેરેલા વસ્ત્રથી બહાર હાથ રાખવા અને સંયમિત તથા ઉત્તમ આચરણ રાખવું અને બેસી જાઓ એમ ગુરુ કહે ત્યારે ગુરુના અભિમુખ-સામે બેસવું ॥ ૧૯૩ ॥

હીનાન્નવસ્ત્રવેષઃ સ્યાત્સર્વદા ગુરુસન્નિધૌ ।
ઉત્તિષ્ઠેત્પ્રથમં ચાસ્ય ચરણં ચૈવ સંવિશેત્ ॥ ૧૯૪ ॥

ગુરુની સન્નિધિમાં સદૈવ સાધારણ અન્ન-વસ્ત્ર અને વેષ રાખી રહેવું, ગુરુના ઊઠતા પહેલાં ઊઠી જવું અને તેમના સૂતા પછી શયન કરવું ॥ ૧૯૪॥

પ્રતિશ્રવણસમ્ભાષે શયાનો ન સમાચરેત્ ।
નાસીનો ન ચ ગુંજાનો ન તિષ્ઠન્ન પરાઙ્મુખઃ ॥ ૧૯૫ ॥

ગુરુની આજ્ઞા સ્વીકારતી વખતે યા એમનાથી વાતચીત કરતી વખતે પોતે સૂતા સૂતા, બેઠેલા રહીને, ભોજન કરતાં, ઊભા-ઊભા યા મુખ ફેરવીને આજ્ઞાનો સ્વીકાર યા વાતચીત ન કરવી ॥ ૧૯૫ ॥

આસીનસ્ય સ્થિતઃ કુર્યાદભિગચ્છંસ્તુ તિષ્ઠતઃ ।
પ્રત્યુદ્‌ગમ્ય ત્વાવ્રજતઃ પશ્ચાદ્ધાવંસ્તુ ધાવતઃ ॥ ૧૯૬ ॥

બિરાજમાન ગુરુ સાથે ઊભા રહીને, ઊભા રહેલા ગુરુ સાથે સામે

જઈને, આવી રહેલા ગુરુ સાથે થોડાંક પગલાં આગળ વધીને અને દોડી રહેલા ગુરુની પાછળ દોડીને એમની સાથે વાતચીત કરવી ॥ ૧૯૬ ॥

પરાઙ્મુખસ્યાભિમુખો દૂરસ્થસ્યૈત્ય ચાન્તિકમ્ ।
પ્રણમ્ય તુ શયાનસ્ય નિદેશે ચૈવ તિષ્ઠતઃ ॥ ૧૯૭ ॥

બીજી તરફ ગુરુનું મુખ હોય ત્યારે મુખની સામે જઈને, દૂર હોય તો પાસે જઈને, સૂતા હોય યા બેઠેલા હોય ત્યારે પ્રણામ કરીને વાર્તાલાપ કરવો ॥ ૧૯૭ ॥

નીચં શય્યાસનં ચાસ્ય સર્વદા ગુરુસન્નિધૌ ।
ગુરોસ્તુ ચક્ષુર્વિષયે ન યથેષ્ટાસનો ભવેત્ ॥ ૧૯૮ ॥

ગુરુની સન્નિધિમાં શિષ્યે ગુરુના પલંગ અને આસનથી પોતાના પલંગ અને આસન સદા નીચા રાખવા અને ગુરુની દૃષ્ટિમાં શિષ્યે પોતે મનમાન્યા કઢંગા ન બેસવું ॥ ૧૯૮ ॥

નોદાહરેદસ્ય નામ પરોક્ષમપિ કેવલમ્ ।
ન ચૈવાસ્યનુકુર્વીત ગતિર્ભાષિતચેષ્ટિતમ્ ॥ ૧૯૯ ॥

ગુરુના પરોક્ષમાં પણ વિના જરૂર ખાલી નામ ન બોલવું અને ક્યારેય પણ ભૂલથી પણ ગુરુની ચાલવાની-બોલવાની યા ચેષ્ટાની નકલ ન કરવી ॥ ૧૯૯ ॥

ગુરોર્યત્ર પરીવાદો નિન્દા વાપિ પ્રવર્તતે ।
કર્ણૌ તત્ર પિધાતવ્યૌ ગન્તવ્યં વા તતોડન્યતઃ ॥ ૨૦૦ ॥

જ્યાં ગુરુ માટે વિપરીત બોલાતું હોય યા ગુરુની નિન્દા થતી હોય ત્યાં શિષ્યે પોતાના કાનબન્ધ કરતાં ત્યાંથી બીજી જગ્યાએ ચાલ્યા જવું ॥ ૨૦૦॥

પરીવાદાત્ ખરો ભવતિ શ્વા વૈ ભવતિ નિન્દકઃ ।

પરિભોક્તા કૃમિર્ભવતિ કીટો ભવતિ મત્સરી ॥ ૨૦૧ ॥

ગુરુની બુરાઈ કરવાથી ગધેડો, નિન્દા કરવાથી કૂતરો, ગુરુનું ધન ભોગવવાથી કૃમિ અને ગુરુ પ્રત્યે ઈર્ષ્યા કરવાથી કીડો થાય છે ॥ ૨૦૧ ॥

દૂરસ્થો નાર્ચયેદેનં ન ક્રુદ્ધો નાન્તિકે સ્ત્રિયાઃ ।
યાનાસનસ્થશ્ચૈવૈનમવરુહ્યાભિવાદયેત્ ॥ ૨૦૨ ॥

ગુરુથી દૂર બેઠા-બેઠા, ક્રોધિત થઈને યા સ્ત્રી પાસે બેઠેલા ગુરુનું અર્ચન -સત્કાર નહીં કરવો તેમજ જો શિષ્ય વાહન પર (વાહનમાં) બેઠો હોય તો વાહનથી ઉતરીને ગુરુને પ્રણામ કરવા ॥ ૨૦૨ ॥

શ્રેયઃસુ ગુરુવદ્વૃત્તિં નિત્યમેવ સમાચરેત્ ।
ગુરુપુત્રેષુ ચાર્યેષુ ગુરોશ્ચૈવ સ્વબન્ધુષુ ॥ ૨૦૭ ॥

ગુરુના પુત્રમાં, પોતાનાથી મોટા શ્રેષ્ઠ લોકોમાં અને ગુરુના બન્ધુજનોમાં સદૈવ-નિત્ય ગુરુના સમાન જ બધો વ્યવહાર કરવો ॥ ૨૦૭ ॥

ગુરુ માટે પણ શાસ્ત્રોએ કેટલાક નિયમો નક્કી કરેલા છે. ગુરુસ્થાનીયે પોતાના ગુરુથી જે વિદ્યા મેળવી હોય તે વિદ્યા એના પોતાના સ્વામિત્વમાં છે એમ નહીં માનવું, કિન્તુ ગુરુની પરમ્પરાથી પરમ ગુરુની ધરોહરના રૂપમાં છે તેમ માનવું. અતઃ એનો ઉપયોગ કરવો યા નહીં કરવો અથવા ક્યાં કયા હેતુથી કરવો યા ન કરવો એમાં તે સ્વૈચ્છિક વર્તી શકતો નથી. આ અર્થે શાસ્ત્રોએ જે નિયમ નિયત કરેલા છે તેને આધીન રહીને જ વર્તવું તેના માટે અનિવાર્ય છે. જેમ બેન્કનો કેશિયર બેન્કમાં ચેક જમા કરાવનારને નિયમને આધીન રહીને ચેક પાસ કરવા બાધ્ય છે. આ તો આપણે પહેલાં જ વિચારી ગયા છીએ કે આ સમ્પૂર્ણ ચરાચર જગતમાં ગુરુત્વ તો એક માત્ર મૂલગુરુ પરમાત્મામાં જ નિહિત છે કારણ કે જ્ઞાનના એકમાત્ર પ્રભુ જ સ્વામી છે. સ્વતંત્રતાએ સ્વૈચ્છિકરૂપમાં આપવું એ સ્વામિત્વ વિના શક્ય નથી. તેમજ જે જ્ઞાન છે તે

પણ પરમાત્માનું જ એકરૂપ છે, પરમાત્માથી ભિન્ન નથી. અતઃ પરમાત્માથી અતિરિક્ત સ્થાનીય યા ગુરુ નામે પ્રસિદ્ધ અન્ય બધા જ પરમાત્માની સંહિતામાં પરમાત્મા વતી જ્ઞાન આપવાના કાર્યમાં કાર્યવાહક છે. ગુરુ સમ્બન્ધી શાસ્ત્રીય જેટલા પણ નિયમ છે તે બધા જ કાર્યવાહકને લઈને છે. આમ તો વ્યવહારમાં જ્ઞાન શબ્દ ઘણા પ્રકારે પ્રયોજિત થાય છે. હજારો વાતો-હજારો વિષયો ને જ્ઞાન શબ્દ સાથે જોડવામાં આવે છે. સદ્જ્ઞાન, અસદ્જ્ઞાન, માયાજ્ઞાન, માયાકાર્યજ્ઞાન, આમાં પણ નીચે ઉતરવામાં આવે ત્યારે પુરુષ જ્ઞાન, સ્ત્રીજ્ઞાન, બાલક-યુવા-વૃદ્ધ જ્ઞાન, પૈસા કમાવાનું, ચોરી કરવાનું, વ્યભિચાર કરવાનું, મૂઠ-ચોટ-મારણનું જ્ઞાન વગેરે-વગેરે. કિન્તુ વાસ્તવમાં બ્રહ્મને યથાર્થમાં જાણવું યા અનુભવ થવો જ જ્ઞાન છે. આ અર્થમાં જ જ્ઞાનની ચરિતાર્થતા છે. જગતમાં જે કંઈ પણ જોવામાં આવે છે તે બધું જ માયાનું કાર્ય છે એટલું માત્ર જાણવું જ્ઞાન નથી કિન્તુ માયા પણ બ્રહ્મની શક્તિ છે અને પોતાની વિવિધ શક્તિઓ દ્વારા બ્રહ્મ જ વર્તી રહ્યું છે આ જ જ્ઞાન છે. અતઃ પરમાત્મા શું છે એ જાણવું યા અનુભવ થવો જ જ્ઞાન છે. આ જ્ઞાન પૂર્ણરૂપે ભગવાનમાં જ છે. આ જ વાત અર્જુનજી પણ ગીતામાં જણાવે છે કે **'સ્વયમેવાત્મનાત્માનં વેત્થ ત્વં પુરુષોત્તમ'** હે પુરુષોત્તમ પ્રભુ ! આપ જ આપને પોતાને જાણો છો. જ્યારે-જ્યારે પણ જીવોના કલ્યાણ અર્થે ભગવાન જે પ્રકારનું જ્ઞાન પ્રકટ કરવા માંગે છે ત્યારે-ત્યારે ભગવાન સ્વયંને આચાર્યરૂપે પ્રકટ કરે છે. વિશ્વના આદિમાં પણ ભગવાને જ જ્ઞાન આપીને બ્રહ્માજીને કૃતાર્થ કર્યા કે જે **'યો બ્રહ્માણં વિદધાતિ પૂર્વં યો વૈ વેદાંશ્ચ પ્રહિણોતિ તસ્મૈ'** એમ શ્રુતિવાક્યથી જાણી શકાય છે અને કાલવશ જ્યારે-જ્યારે પણ આ જ્ઞાન લુપ્ત થઈ ગયું છે યા થાય છે ત્યારે ત્યારે ભગવાન સ્વયમ્ જ પ્રકટ થઈને એ જ્ઞાનને પ્રકટ કરે છે કે જે શ્રીભાગવતવાક્યથી જાણી શકાય છે - **'ત્વયોદિતોડયં જગતો હિતાય યદા યદા વેદપથઃ પુરાણઃ, બાધ્યેત પાખંડપથૈરસદ્ભિઃ તદા ભવાન્ સત્ત્વગુણં બિભર્તિ'** (ભાગ. ૧૦-૪૮-૨૩) પ્રત્યક્ષ દેહધારી અસુરોના વિનાશ અર્થે ભગવાનના અવતારો પ્રસિદ્ધ છે કે જેમાં અસુરોના વિનાશપૂર્વક વેદસિદ્ધાન્તનું સમાજમાં પુનઃ સ્થાપન કર્યું હોય. આ મુજબ જ વેદવિરોધી માનવ આદિ રૂપમાં ઉત્પન્ન અને ધર્મ-સમાજ-સંસ્થા વગેરેમાં અગ્રણીરૂપે પ્રવિષ્ટ પ્રચ્છન્ન અસુરોના આસુરીવાદનો વિધ્વંસ કરીને વૈદિક મતની પુનઃ સ્થાપના કરવા ભગવાન જ વ્યાસ-કપિલ વગેરે અને શંકર-રામાનુજ-વલ્લભ વગેરે આચાર્યરૂપે પ્રકટ થઈને મોક્ષના અધિકારી જીવોની વૈદિક માર્ગમાં પુનઃ પ્રવૃત્તિ સ્થાપન કરે છે. આ જ વાતને શ્રીભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર સ્વયં જણાવે છે - **'આચાર્યં માં વિજાનીયાત્ નાવમન્યેત કર્હિચિત્, ન મર્ત્યબુદ્ધ્યાસૂયેત સર્વદેવમયો ગુરુઃ'** (ભાગ.૧૧-૧૭-૨૭) આચાર્યને મારું જ સ્વરૂપ સમજો, ક્યારેય એમનો તિરસ્કાર ન કરો, એમને સાધારણ મનુષ્ય સમજીને એમનામાં દોષદષ્ટિ નહીં રાખો, વાસ્તવમાં ગુરુ સર્વદેવમય પરમાત્માનું જ સ્વરૂપ છે. અતઃ જે સમ્પ્રદાય-પ્રવર્તક આદ્ય-આચાર્ય છે તે પરમાત્માના મૂલગુરુ રૂપમાં જ પ્રાદુર્ભૂત છે તેથી તેઓ કોઈ બીજાના સ્થાન પર આસીન નથી, તેઓ સ્વયં સ્થાન છે. જ્યારે કે એમની પ્રત્યક્ષ સ્થિતિના અભાવમાં એમના દ્વારા નિર્મિત સમ્પ્રદાય વ્યવસ્થાને આગળ વધારવા માટે સુયોગ્ય કાર્યનિર્વાહકની અપેક્ષા રહે છે. કાર્યવાહક ગુરુસ્થાનીય આદ્યગુરુ દ્વારા ખેંચેલી લક્ષ્મણરેખામાં સીમિત રહીને એમના દ્વારા પ્રવર્તિત સિદ્ધાન્ત-સમ્પ્રદાયને આગળ વધારે છે. જેમ પ્રધાનમંત્રીની વિદેશયાત્રા સમયે દેશનું-તંત્રના રોજબરોજના કાર્યસંચાલન હેતુ મંત્રીમંડળમાંથી જ કોઈ એકને પ્રધાનમંત્રીના કાર્યવાહક રૂપમાં નિયુક્ત કરવામાં આવે છે ત્યારે તે કાર્યવાહક પ્રધાનમંત્રીના બધાં જ કાર્યોનું સંચાલન કરે છે, કિન્તુ તે એ જ કાર્યોનું વહન કરે છે કે જે પ્રધાનમંત્રી દ્વારા પૂર્વ નિશ્ચિત હોય, કિન્તુ તેઓ સ્વતંત્ર યા નવીન નિર્ણય નથી કરી શકતા ન નવી રીતે કોઈ નીતિનું પણ નિર્ધારણ કરી શકે છે. ઠીક એ જ રીતે આદ્ય આચાર્ય-ગુરુ અને કાર્યવાહક ગુરુ વચ્ચે સમજવું જોઈએ. એવા જે કાર્યવાહક ગુરુસ્થાનીય છે એમણે જે પરમ્પરાથી ગુરુથી પ્રાપ્ત કર્યું છે તે જ્ઞાન-સંસ્કાર સંપદાથી એમનું તો કલ્યાણ નિશ્ચિત જ છે યદિ તે જે જાણ્યું છે તે માર્ગ પર પ્રમાદ વિના ચાલે

છે. કિન્તુ આ જે સમ્પદા છે તે ગુરુસ્થાન પર તદર્થ-ગુરુસ્થાનના કાર્યના નિર્વહન અર્થે પ્રાપ્ત છે અતઃ એ સમ્પદાનો આદ્યગુરુને અભિપ્રેત ઉપયોગ જ થવો અને એમને અનભિપ્રેત દુરુપયોગને નહીં થવા દેવો આ બન્ને વાતો એને માટે આવશ્યક છે. તેથી જ મનુસ્મૃતિકાર આ બાબતમાં કંઇક નિયમો જણાવે છે -

નાપૃષ્ટઃ કસ્યચિદ્ બ્રૂયાન્ન ચાન્યાયેન પૃચ્છતઃ ।
જાનન્નપિ હિ મેધાવી જડવલ્લોક આચરેત્ ॥

(મનુસ્મૃતિ ૨-૧૧૦)

ગુરુ માટે એ આવશ્યક છે કે વગર પૂછયે કોઇને કંઇ ન કહે અને અન્યાયથી પૂછનારને પણ કંઇ ન કહે (નહીં ભણાવે), તે બુદ્ધિમાન્ ગુરુ જાણીને પણ જડ સમાન આચરણ કરે.

ધર્માર્થૌ યત્ર ન સ્યાતાં શુશ્રૂષા વાપિ તદ્વિધા ।
તત્ર વિદ્યા ન વક્તવ્યા શુભં બીજમિવોસરે ॥

(મનુસ્મૃતિ ૨-૧૧૨)

જ્યાં (જે શિષ્યમાં) ધર્મ-અર્થ (ધર્મ અને ધર્મસિદ્ધિ માટે અર્થ) ન હોય અને એ જ પ્રકારે શુશ્રૂષા પણ ન હોય (ધર્મતઃ અર્થપૂર્વક જે દેવ-ગુરુ-દ્વિજ પ્રાજ્ઞ-શ્રેષ્ઠની શુશ્રૂષા નહીં કરતો હોય ત્યાં-વિદ્યા નહીં ભણાવવી જોઇએ, આવા શિષ્યોને વિદ્યા આપવી એ ઊસર (જેમાંથી કંઇ પણ ઊગી ન શકે તેવી) ભૂમિમાં ઉત્તમ-શુભ બીજ નાંખવા સમાન છે ॥

વિદ્યયૈવ સમં કામં કર્તવ્યં બ્રહ્મવાદિના ।
આપદ્યપિ હિ ઘોરાયાં ન ત્વેનામિરિણે વપેત્ ॥

(મનુસ્મૃતિ ૨-૧૧૩)

બ્રહ્મવાદીઓનું વિદ્યાની સાથે જ અર્થાત્ કોઇને વિદ્યા આપ્યા વિના જ મૃત્યુ થઇ જવું સારું છે પરન્તુ ઘોર આપદામાં પણ આ વિદ્યાને ઉસર કુપાત્રમાં નહીં વાવવું જોઇએ, કુપાત્રને વિદ્યા નહીં આપવી ॥

આ જ પ્રકારે પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર પણ ઉદ્ધવ પ્રતિ પોતાના ઉપદેશનું સમાપન કરતાં કહે છે -

નૈતત્ત્વયા દામ્ભિકાય નાસ્તિકાય શઠાય ચ ।
અશુશ્રૂષોરભક્તાય દુર્વિનીતાય દીયતામ્ ॥
એતૈર્દોષૈર્વિહીનાય બ્રહ્મણ્યાય પ્રિયાય ચ ।
સાધવે શુચયે બ્રૂયાદ્ ભક્તિઃ સ્યાચ્છૂદ્રયોષિતામ્ ॥

(ભાગ. ૧૧-૨૯-૩૦,૩૧)

હે ઉદ્ધવ, મેં તને જે આ જ્ઞાનોપદેશ કર્યો છે તે તારે જે નાસ્તિક હોય, શઠ હોય, અભક્ત હોય, જે દુર્વિનીત હોય તેને નહીં આપવો. જે આ દોષોથી રહિત હોય, જેને બ્રાહ્મણ પ્રિય હોય અથવા જે બ્રાહ્મણોને પ્રિય હોય, સાધુ-શ્રેષ્ઠ હોય એને અવશ્ય આપવો અને જો શૂદ્રની સ્ત્રીમાં પણ ભક્તિ હોય તો એને પણ નિઃસંકોચ આપવો ॥

શ્રીવલ્લભાચાર્યજીના, ભગવદ્ગીતાસ્થ શ્રીકૃષ્ણના, ભાગવત એકાદશ સ્કન્ધસ્થ શ્રીકૃષ્ણના અને મનુસ્મૃતિનાં વાક્યોને જોતાં-વિચારતાં શિષ્ય બનાવતાં પહેલાં ગુરુએ જે સાવધાની વરતવાનું બતાવ્યું છે આથી એમ પણ જાણી શકાય છે કે જે-જે પણ શિષ્યમાં જ્ઞાન મેળવવા માટેના ગુણોની અપેક્ષા કરવામાં આવી છે કમથી કમ તેથી કંઇક અધિક ગુણ તો જ્ઞાન આપનાર ગુરુમાં હોવા આવશ્યક જ બની રહે છે. પૂર્વમાં કહેવાયેલ એકાદશ સ્કન્ધ વગેરેનાં વાક્યોને લઇને વિચારતાં (૧) ગુરુ પૂર્ણ આસ્તિક બુદ્ધિવાળા અર્થાત્ વેદ અને વેદ પ્રતિપાદ્ય વેદૈશ્ચ સર્વૈઃ અહમેવ વેદ્યઃ ની માફક પરમાત્મ તત્ત્વમાં

દઢ નિષ્ઠાવાળા હોવા જોઈએ. (૨) દમ્ભ-કામ-લોભ વગેરેથી સર્વથા રહિત હોવા જોઈએ. (૩) પરમાત્મામાં પૂર્ણ પ્રીતિ પૂર્વક પરમાત્મ ભજનમાં પરાયણ ચિત્ત હોવા જોઈએ. (૪) શિષ્યની જિજ્ઞાસાનું પોષણ કરવા સક્ષમ હોવા જોઈએ. (૫) પરમ્પરાગત શાસ્ત્ર જ્ઞાન પ્રાપ્ત હોવા જોઈએ. (૬) ઉત્તમ વિષયોમાં જ પ્રીતિવાળા હોવા જોઈએ. (૭) પોતાની પાસે આવેલાઓ પાસેથી કોઈ પણ પ્રકારની અપેક્ષાથી રહિત રહીને એને કંઈ ન કંઈ આપવાની જ વૃત્તિવાળા-નમસ્કારની અપેક્ષા વિના જ આશીર્ભાવ રાખનારા, નિરહંકારી, ક્ષમા ભાવવાળા, ઉદાર મનોવૃત્તિવાળા, પવિત્ર આચરણવાળા, શાસ્ત્રજન્યા બુદ્ધિવાળા, અસત્ શાસ્ત્રોથી વિમુખ સત્ શાસ્ત્ર પરાયણ હોવા જોઈએ.

આ પ્રકારે ગુરુ અને શિષ્ય વિષયની કંઈક ઔપચારિક ચર્ચાઓ આ લેખનમાં કરવાનો પ્રયાસ કર્યો છે. આની સવિસ્તર ચર્ચા આગળ ક્યારેક પ્રભુકૃપાએ કરવાનો પ્રયાસ કરીશું.

* * *